ॐ

धर्मेण हीनाः पशुभिः समानाः ।

શ્રીયુત ચુનીલાલ છગનચંદ સરાફ

કૃત,

श्री रत्न प्रसाद

पद्यविभाग

भाग. १

પ્રકાશક—

परोपकाराय सतां विभूतयः ।

સુરત.

વીરસંવત ૨૪૫૨ સને ૧૯૨૫.

ॐ

धर्मेण हीनाः पशुभिः समानाः ।

શ્રીયુત્ ચુનીલાલ છગનચંદ સરાફ

કૃત

श्री रत्न प्रसाद

पद्यविभाग

भाग. १

પ્રકાશક —

SHROFF K C. .

परोपकाराय सतां विभूतयः ।

સુરત.

વીરસંવત ૨૪૫૨ સને ૧૯૨૫.

શેઠ ચુનીલાલ છગનચંદના

ઉપધાન તપ પૂર્ણ માલારોપણ

ખુશાલી નિમીત્તે ભેટ

૧૯૮૨ માગસર શુદ ૧૧ ને ગુરૂ



—आचार्य— श्री विजयदानसूरिजी

—जैनाचार्य— * श्रीमद्-विजयकमलसूरीश्वरजी । *

—आचार्य— श्री विजयलब्धिसूरिजी ।

श्री अच्युत प्रि. प्रेस, मुंबई २.

"કમળ" પ્રશસ્તિઃ

(દ્રુત વિલમ્બિત વૃત્ત)

કમળ પુષ્પ સુગંધ વને વને, કમળ કીર્તિ પ્રસાર જને જને.
કમળ કુદરતા મનોહારિણી, કમળ વૃત્તિ સદા સુખકારિણી. ૧

કમળ નેત્ર પવિત્ર વિચિત્રતા, કમળ કાંતિ અનુપ રસીકતા.
કમળ પ્રેમઅલિ કદી ના ચુકે, કમળ સંગતિ સંતતિ ના મૂકે ૨

કમળ નિર્મળતા નીરખે સહુ, કમળ નીતિ રીતીજ ચહે બહુ.
કમળ વર્ણ ગમે જન સર્વને, કમળ સંહરે માનીની ગર્વને. ૩

દયાગુણ પ્રશસ્તિ

दयाविनोदे विबुधा रमन्ते,
दया विहीना न रतिं लभन्ते,
दया परो धर्म इति प्रमाणं,
दयागुणः सर्वगुण प्रधानम् ॥

પ્રકાશક :

કેસરીચંદ ચુનીલાલ શ્રોફ

ગોપીપુરા—સુરત.

મુદ્રક -

ભદ્રશંકર મંછારામ ભટ્ટ,

મુદ્રણસ્થાન :—કળામય પ્રિન્ટીંગ વર્કસ,

ખાંડ બજાર—સુરત.

નિવેદન.

"શ્રી જૈન સિદ્ધાંત અનુસાર તે પુરૂષ કોટિશઃ ધન્યવાદને પાત્ર મનાય છે કે જે ઉત્તમ જૈન કુલમાં અને ધાર્મિક સસ્કાર વાસિત માત પિતાને ત્યા અવતાર પામે છે. માતપિતાના ઉત્તમ સંસ્કારો બાળકમાં ઉતરી આવે છે અને તેવા માતપિતાના સમાં વયની વૃદ્ધિ સાથ વૃધ્ધિ પામે છે. પરિણામે સસ્કાર દ્રઢ હોઇ તે પુરૂષ સુગુરૂના સંયોગ અને નિત્ય સસર્ગથી ધર્મિષ્ઠ પુરૂષોની પ્રથમ પંક્તિમાં મુકાય છે."

આ "रत्नप्रसाद" લઘુ પુસ્તકે ઉપરોક્ત કથનની સાર્થકતા દર્શક ફળ રૂપે જન્મ લીધો છે. પરમ ઉપકારી ગુરૂ શ્રી રત્નસાગરજી મહારાજના ઉત્તમ બોધની આ પ્રસાદીમાં છે. હાલમાં કેટલાક વખતથી સુરત શહેરમાં પરમ પૂજ્ય આચાર્યો મહારાજ શ્રી વિજયકમળ સૂરીશ્વરજી તથા શ્રી વિજયદાન સૂરી તથા વિજયલબ્ધિ સુરીના બખતાવર કદમ થયાથી

ધર્મોન્નતિ તેમજ શાસન પ્રભાવનાના અનેક કૃત્યો થઇ રહ્યા છે. ગયા આશ્વિન શુદ ૧૧ થી ઉકત ત્રિમૂર્તિના નેતૃત્વ હેઠળ અત્રેના નામાંકિત ધર્માનુરાગી ઝવેરી નવલચંદ ખીમચંદ પોતે સહકુટુંબ ઉપધાન ક્રિયા કરવા કરાવવાને ઉદ્યુક્ત થયા છે એ ક્રિયામાં પૂજ્ય પિતાશ્રીને પૂણ્યયોગે ગુરૂશ્રીઓના અનુગ્રહથી અને ધર્મસ્નેહી મીત્રોના પ્રેમ પૂર્વક આગ્રહથી પ્રવેશ કરવાનો-અગર જો કે અસુરે-જોગ બન્યો છે. સમ્યક પ્રકારે ઉપધાન તપનુ આરાધાન સપૂર્ણ થયાના આનદની નીશાની તરીકે સહચારીક્રિયોપાનકો શ્રી પુરૂષોને આ લઘુપુસ્તક ભેટ આપવા તેયાર કરાવવામા આવ્યુ છે. મીઠાઇ લ્હાણીઓ કરતાં પુસ્તકની લ્હાણી વિશેષ હિતકારક છે માલાગોપણ પ્રસંગે આપવાનુ હોવાથી ઘણી ઉતાવળે છપાવવાનુ કામ લેવું પડયુ છે જેથી અશુધ્ધતા અહિ કેટલીક ખામીઓ થઇ છે જે સુજ્ઞ વાચકવૃંદ સુધારી લેશે કોઇ સુચવવા યોગ્ય ભુલ લખી જણાવવાથી આદર અને આભાર પૂર્વક સ્વીકારી લેવાશે. મતિ દોષ યા દ્રષ્ટિદોષને માટે મીથ્યા દુષ્કૃત દેવામાં આવે છે.

આ લઘુ પુસ્તકમાં ત્રીશ ચાલીશ વર્ષ ઉપર કરેલ પદ્ય રચનાનો સંગ્રહ છે. આ સંગ્રહ અનેક વિદ્વાન મુનીરાજોની દ્રષ્ટી ગોચર થયો છે અને તે પ્રસિદ્ધ કરવાને અનેકવાર અનેક મુનિવર્યો તેમજ ધર્મીષ્ઠ મિત્રો તરફથી સુચના થયેલ પરંતુ અનુકુલ સંજોગોના અભાવે તેમ થઈ શક્યું નહી. આ અનુપમ પ્રસંગે મહારાજ **श्री मंगळविजयजी**ના ખાસ પ્રેરણાથી અદ્યાપિ પર્યંત ગોપવઈ રહેલ વસ્તુ સંગ્રહ પ્રકાશ પામે છે. સાથે પૂર્વાચાર્યોની અનેક સુંદર કૃતિઓ દાખલ કરવા ઈરાદો છતા ટુંકા વખતને લીધે થોડીજ દાખલ કરી સંતોષ માન્યો છે. પરંતુ અત્યાર પછીથી શ્રી રત્નપ્રસાદ ભાગ ૨ જે બહુલ ભાગે ગદ્યરૂપે છે, અને જેમા **लोकनालिका** પ્રકરણ **यंत्रविषय** આદિ ગણિતાનુયોગીક વસ્તુઓ દાખલ કરી પ્રકટ કરવા ધારણા છે તેમા એવી ઉપયોગી વસ્તુઓને સ્થાન અપાશે.

આ નવીન કૃતિમા કેટલાક સ્તવનાદિની આદ્યાક્ષરી રચના છે એ એક નવીન પદ્ધતિ મનાય પણ કર્તાનો છેક શરૂઆતથીજ કોલેજમા હતા ત્યારથીજ આદ્યાક્ષરીમા કવિતા કરવાનો

અભ્યાસ પડવાથી તે રીત આ કૃતિમા પણ કાયમ રહી. ઘણા ધર્મ સ્નેહીઓના નામના સ્મરણ રહેવા સાથ પદો મોઢે કરવામાં એ પદ્ધતિ સહાયક થાય છે. આવી રચનામાં પદ લાલિત્યમાં ન્યુનતા આવે; ભાવાર્થ પણ કોઈકવાર ખેંચીતાણી લાવવો પડે પણ કવિતાનુ એક ભુષણ ગણી રચના થઈ છે, હાલ સુધીમાં જે જુનો સંગ્રહ હાથ લાગ્યો તે પ્રસિદ્ધિમા મુકાયો છે.

દરેક કૃતિને અંતે કર્તાએ પોતાના ધર્મ દાયક ગુરૂવર્ય **શ્રીમદ રત્નસાગરજી** તથા ઉપદેશામૃત સીંચનાર **શ્રીમદ વિજયાનંદસુરી** (**આત્મારામજી**)નાં નામ મુકયા છે તેમજ અન્ય ઉપકારકો **શ્રીમદ વિજયસિદ્ધિ સુરીજી** તથા આચાર્ય **શ્રી આણંદસાગર સુરીજી**ના નામો પણ સુચવ્યા છે. પરમ ઉપકારીના અહેશાન ઋણથી અંશે મુક્ત થવાનો આ એક સુલભ માર્ગ છે. પ્રાંતે પ્રુફ સુધારવામા મદદ આપનાર મુનીરાજ **શ્રી મંગલવિજયજીનો** ઉપકાર માની આ નિવેદન બંધ કરૂં છુ.

લી. સેવક,

કેશરીચંદ ચુનીલાલ સરાફ.

અનુક્રમ મણિકા.

શુદ્ધિ પત્રક.

	અશુદ્ધ	શુદ્ધ
ગુણપ્રશસ્તીમા પ્રથમ પાદમાં	દયા	દયા
પાનુ ૧	મહેન્દ્રે	મરેન્દ્રે
પંકિત ૮		
પાનુ ૨ લી ૧૦	ગુણાવલિ	ગુણાવલિ
પાનુ ૩ લી	પંચવષ્ટિ	પંચપષ્ઠિ
પાનું ૧૩ શ્લોક ૫	વીર	વીર
"	પાવાપુર	પાવાપુરે
પાનુ ૧૪ શ્લોક ૧૦	માડપ	માડવ
પાનું ૧૬ શ્લોક ૧	કૈલાપ	કૈલાસ
પાનુ ૧૭ શ્લોક ૫	વત્ત	વર્ષે
પાનુ ૨૦ કડી ૮	સરૂપી	સ્વરૂપી
પાનું ૨૧ ,, ૩	શ્રતસુંધ	શ્રુતસ્કંધ
પાનું ૨૫ ગહુંલી ૩ જી હેડીંગ	અશ્વ	આશ્વા
પાનું ૩૭ ગહુંલી ૧૬ કડી ૨ જી	અત્રાય	અત્રાર્ય
પાનું ૪૯ કડી ૮	ગુ	ગુરૂજી
પાનુ ૫૦ શ્લોક ૨ પાદ ૪	વાવ	વાચં
પાદ ૩	મગ	ભંગ
પાદ ૪	વાચયેમ	વાચયમ
શ્લોક ૩	મુન્વલ	મુજ્જવલ

પાનું ૫૧ ,, ૬	શભમ્	શંસમ્
,, ,, ૫	મધ	મંધ
,, ,, ૫	સુમર	સુભટ
,, છેલ્લો શ્લોક	પુડેરીક	પુંડરીક
પાનું ૫૩ કડી ૮	તારા	તારી
પાનું ૫૭ કડી ૪	સમરણ	સમરથ
પાનું ૬૬ કડી ૧	અનથ	અનર્થ
,, ૭૧ કડી ૬	ગૃધ્ર	ગૃદ્ધ
,, ૭૮ થોય ૧	દમભ	દસણ
,, ૮૩ લીટી ૧	જુહારી	જુહારો
,, ૮૫ શ્લો ૨	સવ્ય	સવ્વ
,, ૮૬ સ્તુતિ ૨	ગન્ભા	ગબ્ભા.
	દેવેદિ	દેવેંદિ
,, ,, ,,	બીયઅકુર ૩૨	બીયઅંકુર૩ર
,, ,, ,, ૩	સતિયભા	સતિયંભા
,, ,, ,, ૪	ગાયા	ગયા
૧૦૮ લીટી ૪	નિનાદો	નિપાદો
૧૧૧ શ્લોક ૧૭	દુંદુવા	દુડ્ડવા
૧૧૩ ,, ૧૦		
૧૧૪ ,, ૧૧ પાદ ૩	શ્રીમન્	શ્રીમાન્
૧૧૪ ,, ૧૧ પાદ ૪	યભિનવ	મભિનવ
,, ,,	આત્મરને	આત્મરત્ને
૧૧૬ છેલ્લો શ્લોક	કલત્ર=	કલત્ર
	સંમક્રિય	સમક્રિયં
	પુયકૃતો	પુણ્યકૃતો
	લભન્ત્રે	લભન્તે

विविध स्तुतयः

मंगलं भगवान् वीरो, मंगलं गौतमप्रभुः
मंगलं स्थुलिभद्राद्या, जैनधर्मोऽस्तु मंगलं ॥१॥

नवकारः समो मंत्रः शत्रुंजयः समो गिरिः
वीतरागः समो देवो, न भूतो न भविष्यति ॥२॥

अद्य मे सफलं जन्म, अद्य मे सफला क्रिया ॥
शुद्धाद्दिनोदये देव, जिनेन्द्र तव दर्शनात् ॥३॥

अनन्त विज्ञान विशुद्ध रूपं, निरस्त मोहादि पर स्वरूपम् ॥
नरामहेन्द्रैः कृतचारु भक्तिं, नमामि तीर्थेशमनन्तशक्तिम्॥४॥

अशोकवृक्षः सुरपुष्पवृष्टि र्दिव्यध्वनि श्चामर मासनं च
भामंडलं दुंदुभिरातपत्रं सत्प्रातिहार्याणि जिनेश्वराणां ॥५॥

सरस शान्ति सुधारस सागर, शुचितरं गुणरत्न महाकरं
भविक पंकजबोधदिवाकरं, प्रतिदिनं प्रणमामि जिनेश्वरं ॥६॥

अद्याभवत् सफलता नयन द्वयस्य
देव त्वदीय चरणांबुज वीक्षणेन
अद्य त्रिलोकतिलक प्रतिभासते मे
संसारवारिधिरियं चुलुकप्रमाणः ॥७॥

अर्हन्तो भगवंत इन्द्रमहिताः सिद्धाश्च सिद्धिस्थिताः
आचार्या जिनशासनोन्नतिकराः पूज्या उपाध्यायकाः
श्री सिद्धान्त सुपाठका मुनिवरा रत्नत्रयाराधकाः
पंचैते परमेष्ठिनः प्रतिदिनं कुर्वन्तु वो मंगल ॥८॥

ये मूर्ति तव पश्यतः शुभमयीं ते लोचने लोचने
या ते वक्ति गुणावलि निरुपमां सा भारती भारती
या ते न्यञ्चति पादयो वरदयोः मा कंधरा कंधरा
यत्ते ध्यायति नाथ वृत्तमनघं तन्मानसं मानसं ॥९॥

श्री पंच षष्टि यंत्र स्तोत्र.

आदौ नेमिजिनं नौमि, संभवं सुविधिं तथा;
धर्मनाथं महादेवं, शांतिं शांतिकरं सदा ॥१॥

अनंतं सुव्रतं भक्त्या, नमिनाथ जिनोत्तमं;
अजितं जीतकंदर्पं, चंद्रं चंद्रसमप्रभु ॥२॥

आदिनाथं महादेवं, सुपार्श्वं विमलं जिनं
मल्लिनाथं गुणोपेतं, धनुषां पंचविंशति. ॥३॥

अरनाथं महावीरं, सुमतिं च जगद्गुरुं
श्री पद्मप्रभनामानं, वासुपूज्यं सुरैर्नतं ॥४॥

शितलं शितलं लोके, श्रेयांसं श्रेयसे स्तुवे
कुंथुनाथं च वामेयं श्री अभिनंदनं विभुं ॥५॥

जिनानां नामभिर्बद्धं पंचषष्टि समुद्भव
यंत्रोऽयं राजते यत्र, तत्र सौख्यं निरंतरं ॥६॥

यस्मिन् गृहे महाभक्त्या यन्त्रोऽयं पूज्यते बुधैः
भूतप्रेतपीशाचाद्यैर्भयं तत्र न विद्यते ॥७॥

सकलगुणनिधानं, यंत्रमेन विशुद्धं
हृदयकमलकोशे, श्रीमतां ध्येयरूपं
गुरुजय तिलक श्री सूरि राजस्य शिष्यो
वदति सुखनिधानं मोक्षलक्ष्मी निवासं ॥८॥

स्तोत्रमां बतावेलु यंत्र.

	२२	३	९	१५	१६	६५
	१४	२०	२१	२	८	६५
	१	७	१३	१९	२५	६५
	१८	२४	५	६	१२	६५
	१०	११	१७	२३	८	६५
६५	६५	६५	६५	६५	६५	६५

અથ મંગલાચરણ.

શાર્દૂલવિક્રીડિત.

આરંભે પ્રભુ પાર્શ્વ પાદ પ્રણમું પ્રેમે પ્રતિપાલજો,
સારે સેવ સદા સવિ સુરનરો વિઘ્નો વડા ટાળજો;
રત્ને રક્ત બની રહી મતિ વિભો રાચે ન કાચે કદા,
કલ્લોલે વિનવું સવિ જિનવરા સમ્યગ્ મતિ દ્યો સદા.

——(૦)——

અથ શ્રી ચૈત્યવંદન સમુદાય.

——(*)——

તીર્થાધિરાજ શ્રી વિમળાચળ ગીરિ ચૈત્યવંદન.

વસંતતિલકાવૃત્ત.

તીર્થો વિષે પ્રસિધ ઉત્તમ તીર્થ જાણી,
શત્રૂજયં જયકરં સુખદં વખાણી;
વાંછા સવિ પુરણ એ પરિતાપવારં,
ભાવે નમો શ્રી વિમલાચલ તીર્થરાજં. ૧

એ શાશ્વતા ગિરી તણો મહિમા વખાણી,
તીર્થંકરો વિહિત કારણ શ્રેષ્ઠ જાણી;
આવ્યા અનેક વિચરી ભવિ સુખકાજં, ભાવે-૨

નવ્વાણું પૂર્વ ગિરીએ જીન આદિ આવે,
માહાત્મ્ય એ ગિરી તણું પ્રભુજી બતાવે;
આદિ પ્રભુ પ્રથમ તીર્થપતિ વિરાજં, ભાવે-૩

શ્રી પુંડરિક પરિવાર શ્યું સીદ્ધિ પામે,
ચૈત્રી પુનિમ દિન એ ગિરીરાજ ઠામે;
તેણે શ્રી પુંડરિક એ ગિરી નામ ભાજં, ભાવે-૪

શ્રી રામ આદિ મુનિ પાંડવ મોક્ષ પામ્યા,
ભવ્યો જીવો અચલ સ્થાનક લૈ વિરામ્યા;
સંસાર પાર તરવા વર એહ ઝાઝં, ભાવે-૫

પાપી અતિ અધમ વૃત્તિજનો નિહાળી,
એ ગિરીરાજ મહિમા થકી કર્મ ટાલી;
નિશ્ચે વરે શિવ સુખં ધરી શુકલ ધ્યાનં, ભાવે-૬

તીર્થાધિરાજ મુજ છે તુજ શર્ણ સાચું,
પ્રીતે પ્રણામ કરી હું શિવ સુખ યાચું;
ભક્તિ ધરી હું સ્તવ રચું, ગિરી ગુણગાજં, ભાવે-૭

૭

શાર્દૂલવિક્રીડિત.

શ્રી શત્રુંજય શ્રેષ્ઠ તીર્થ ભુવને, દુષ્કર્મ નિવારકં,
રાજે શ્રી જીન ધર્મ સ્તંભ પદથી આધીન ઉદ્ધારકં;
શ્રીમદ્ રત્ન કૃપા અતિ અનુભવી યાચું, ગિરી નાયકં,
શાશ્વંતો ગિરીરાજ એ ''ભવતુ મે સર્વે વરોદાયકં. ૮

જ્ઞાન મહિમાદર્શક ચૈત્યવંદન

(જ્ઞાન પંચમીનું)

અખિલ જગત આધાર રૂપ, રત્ન ત્રણ્ય તે જાણો;
જ્ઞાન દર્શન ચારિત્ર વિષે, જ્ઞાન પ્રધાન પ્રમાણો. ૧
યથાર્થ જ્ઞાન વિદિત કરે, તત્ત્વાતત્વ વિચાર;
આત્મ રિદ્ધિ દર્શાવીને, શાશ્વત સુખ દાતાર. ૨
ઉત્તમ આરાધન વિના, વસ્તુ નવિ સંયોગ;
જ્ઞાન સંપ્રાપ્તિ કારણે, આરાધો શુભ યોગ. ૩

પંચેંદ્રી રોધન કરી, અષ્ટ યોગ સંયુકત;
અંતરંગ વૃત્તિ પ્રેરવો, આરાધન છે જુકત. ૪

સમ્યગ જ્ઞાન ભક્તિ ધરી, તન્મય થઈ આરાધો,
*ૐ હ્રીં પદ સંયુકત જાપ, જપી નિજ કારજ સાધો. ૫

સકલ ભ્રમણ છેદન કરે, પ્રબળ કરે સુવિચારો;
તત્વ રમણતા અનુભવી, આત્મ રિધ્ધી અધિકારો. ૬

સકળ ભાવ સમક્ષ ધરે એ, લોકાલોકના સાર.
સચ્ચિદાનંદ પદ વરી, આતમ પામે ઉધ્ધાર. ૭

જ્ઞાન દર્શન આવરણથી, આત્મ સ્વરૂપ અજાણ;
જ્ઞાન આરાધનથી હોવે, પ્રત્યક્ષ સ્વગુણ નિધાન. ૮

મન વચકાયા સ્થિર કરીએ, સાધો જ્ઞાન એક ધ્યાન,
આત્મ રત્ન કેવલ ધરી, વેગે લહે શિવસ્થાન. ૯

---

*નમો નાણસ્સપણ ગણાય છે,

૯

શત્રુંજયનું ચૈત્યવંદન.

પ્રણમો શત્રુંજય ગિરી, કર્મશત્રુ કરે નાશ,
ભાવે તીર્થ એ ભેટતાં, મોક્ષ તણી દીએ આશ. ૧

વૃષભ જીણંદ સમોસર્યા, પૂર્વ નવાણું વાર;
તીર્થ ઉ-તમ સવિ ક્ષેત્રમાં, મહિમા જાણી અપાર. ૨

અનંત જિનગણધર મુનિએ, સિદ્ધી વર્યા ઇણે ઠામ;
પ્રખ્યાતી જગમાં થયું, સિધ્ધાચલ શુભ નામ. ૩

સ્મરણ નિત્ય કરવા થકી, દૂર દુરિત સવિ થાય;
યથા વિધિ જઇ ભેટતાં, જન મોક્ષે તે જાય. ૪

શાશ્વત ગિરી શુભભાવથીએ, વંદી વારંવાર;
રત્ન ચરણ સેવા થકી, જન્મ સફળ કરૂં સાર. ૫

૧૯૪૪ના ચૈત્ર શુદ ૧૫

શ્રી સમેતશિખર ગિરીરાજનું ચૈત્ય વંદન

સમેત શિખર ગિરી રાજીયો, મગધ દેશ શણગાર,
મનોહર શ્રેણી ડુંગરા, ઔષધીનો ભંડાર. ૧

વિવિધ વનસ્પતીએ ભર્યા, કનક રજતની ખાણ;
ભેટો ભવ્ય ભવિ જના, ભકિત ભાવ ઉત્થાણ. ૨

સ્પર્શતા આતીમ નિર્મળો, દર્શન શુધ્ધિ જોય,
જ્ઞાન ચારિત્ર તપ દીપતાં, વીર્ય ઉલ્લાસ મન હોય. ૩

નદી રૂજુવાલુકા તટે, જ્ઞાન કલ્યાણક વીર,
પાદુકા નમી નેહ શ્યું, મધુ વન ટુંક ગંભીર. ૪

નિરૂપમ નવ દેરાશરો, પાર્શ્વ પ્રમુખ જીનસાર;
પ્રણમી પૂજી પ્રેમ શ્યું, સફળ કર્યો અવતાર. ૫.

ડુંગર પૂજીને ચઢયો, ઉત્તમ ગિરીવર પાગે,
ગુણ સ્તવતાં ગિરી ઉર્જ્વલા, આગે રસ બહુ જાગે. ૬

પાર્શ્વ દેહરી શિખર તણાં, દૂરથી દર્શન થાય,
વાદમાંડી રહી ગગન શ્યું, ચિત્ત આણંદ ન માય. ૭

ગિરી શિખરે જબ આવીઆ, દેહરી ગૌતમ ગણ ધાર;
ત્રણ રસ્તા તિહાં મળે, સન્મુખ ચૈત્ય ઉદાર. ૮

વામ બાજુ પંથે વળી, અનુક્રમે દેહરી નિરખો,
કુંથુ[૧] નમી[૨] અર[૩] મલ્લિનાથ[૪], શ્રેયાંસ[૫] સુવિધી[૬] જીન પરખો. ૯

પદ્મ[૭] મુનિ સુવ્રત[૮] ચંદ્રપ્રભુ, આદિ[૧૦] શીતલ[૧૧] અનંત[૧૨],
સંભવ[૧૩] વાસુપૂજ્યજી[૧૪], અભિનંદન[૧૫] નમો ખંત. ૧૦

અધો ઉતરી પ્રભૂ શામળા, પાર્શ્વજીન ચૈત્ય વિશાળ,
ઉત્તમ દ્રવ્ય પૂજા રચી, ભાવ સ્વરૂપ નિહાળ. ૧૧

ફરી ચઢી ગૌતમ દેહરીએ, વળો દક્ષિણ ભણી સાર,
ધર્મ[૬] સુમતિ[૭] શાંતિ[૮] ચરણ[૯], વીર સુપાર્શ્વ જુહાર. ૧૨

વિમળ[૧] અજીત[૨] નેમિ[૩] જિના[૪]. પાર્શ્વ[૫] પ્રાસાદ ઉ-તંગ;
અનુભવ દ્રષ્ટે પ્રેખતાં, પરમ આણંદ લીન અંગ ૧૩

સાહમી વાત્સલ્ય ઉલ્લાસથી, દઈ શુભ પાત્રે દાન;
નિરાશ્રિત અનુકંપા ધરી, દ્રવ્ય વ્યય કરો સુજાણ. ૧૪

શુધ્ધ શીયલ હૈડે ધરી, તપ તપો નિર્મળ ભાવે;
જ્ઞાન ધ્યાનાદિ સવિ ક્રિયા, ઉત્તમ ફળને પાવે. ૧૫

શ્રાદ્ધ નિત્ય કરણી કહી, તીર્થ યાત્રા ધરો રંગ,
રત્ન સુગુરૂ ઉપદેશથી, સિદ્ધી સુખ અભંગ ૧૬

હરિગીત છંદ

*ઓગણીસ ઓગણસાઠ સંવત પોષ માસે પરિવર્યો,
સુર્યપુર વાસી યોગ્ય સંગે આવી તુજ ચરણોઢર્યો,
વદિ પંચમી રવિવાસરે ભેટી હૃદય ભકિત ભર્યો
ગિરી પાર્શ્વ યોગે પાપ ટાળી આત્મરત્ન સફળ કર્યો. ૧૭

મધુવનની ધર્મ શાળામાં } (સં. ૧૯૫૯ના પોષ વદિ ૫)

---

*વિક્રમ સંવત ૧૯૫૯ના પોષ વદિ ૫ને રવીવારે આ ગિરીરાજની કર્તાએ પરિવાર સહિત સુરતથી રૂડા સંઘમાં નીકળી જાત્રા કરી પોતાને કૃતાર્થ માની ગિરીરાજના ચરણ કમલ ભેટવાથી પરમ આનંદ અનુભવી તેની યાદ દાસ્તીમાં આ ચૈત્યવંદન એ ગિરીરાજ ઉપર ચઢતીવેળા બનાવ્યું છે.

શ્રી તીર્થમાળા સ્તોત્ર

ઉપજાતિ વૃત્ત.

સિદ્ધાચલે આદિ જીણુંદ વન્દો, શ્રી પુંડરીકે દુરિતો નિકંદો
સાધુગણી સિદ્ધિવર્યા અનંતા, કર્મક્ષયં યાન્તિ સદા સ્મરંતા ૧

નેમી નમુ રાજુલ ગીરનારે, દીક્ષા વરી કેવલ મોક્ષ ધારે,
સિદ્ધયા મહાત્મા સવિ તે થુણુંતા—કર્મક્ષયં. ૨

આબુગીરે સુંદર ચૈત્ય જોડ, આદિ નમિનેમ વિપાક છોડ,
સુવર્ણ મૂર્તિ અચળે નમંતા,—કર્મક્ષયં. ૩

અષ્ટાપદે આદી જીણુંદરાય, સમેત શૈલે વીશ જીનપાય,
ચંપા વસુનંદન મુક્તીવંતા,—કર્મક્ષયં. ૪

પાવાપુર સીદ્ધિ વર્યા શ્રી વીર, વૈભારગિરે ગણધાર વીર,
નમું ગુરૂ ગૌતમ લબ્ધીવંતા—કર્મક્ષયં. ૫

તારંગ તીર્થે શ્રીઅજીત સ્વામી, ઉત્તંગ મૂર્તિ અતિરમ્ય પામી
ભાવે નીહાળો મહિમા વદતા—કર્મક્ષયં. ૬

પ્રભાવી સંખેશ્વર પાર્શ્વબિંબ નમામિ મલ્લી ચરણારવિંદ
પંચાસરા સ્તંભનજી સ્તુવંતા—કર્મક્ષયં. ૭

ડુંગરપુરે કેશરીઆજી નાથ, અતુલ મ્હેમા જગમાં વિખ્યાત
હરે ભયા ધ્યાન રણે ધરંતા—કર્મક્ષયં. ૮

રાણકપુરે ચૌમુખ ચૈત્ય પ્રેખો, પ્રાસાદ જોડો જગમાં ન દેખો
પાર્શ્વ પ્રભુ શ્રી વરકાન્તવંતા—કર્મક્ષયં. ૯

પ્રભાવશાળી અંતરીક્ષ પાર્શ્વ, માંડપગઢે નાયક શ્રીસુપાર્શ્વ
એ આદિ તીર્થો ભરતે નમંતા—કર્મક્ષયં. ૧૦

પ્રાતઃ સ્તવો તીર્થપતિ સુદેવા, કલ્યાણકારી શિવસુખ લેવા
સદૈવ સ્વાત્મ ગુણે રમંતા—કર્મક્ષયં. ૧૧

શ્રી તીર્થમાલા સ્તવન.

"સિદ્ધચક્રપદ વંદો" એ દેશી

જંબુદ્વિપના દક્ષિણ ભરતે, શ્રેષ્ઠ તીર્થ પંચ જાણો;
શત્રુંજય ગિરનાર શીખરજી; આબુ અષ્ટાપદ માનોરે,
સજના તીર્થ નમો નિત્ય રંગે. (ટેક)
ઉમંગ ધરીને અંગે રે, સજના તીર્થ. ૧

પશ્ચિમ દિશિએ સોરઠ દેશે, અનુપમ સિદ્ધગિરિરાજ
જીવ અનંતા સિધ્યા જ્યાંહી, તે વંદેસીઝે કાજ રે.
સજના તીર્થ. ૨

આદિજીણંદ સમોસર્યા આંહી, પૂર્વ નવ્વાણું વાર;
પુંડરીક પંચ કોડશ્યું સિધ્યા, તે પ્રણમે ભવ પાર રે.
સજના તીર્થ. ૩

ગિરિ ગિરનારે ત્રણ્ય કલ્યાણક, નેમી જીનના સાર;
દિક્ષા કેવલને નિર્વાણ, સિધ્યા રાજુલ નાર રે.
સજના તીર્થ. ૪

ભાવી ચોવીશી તણા જીન વીશ, વરશે સિદ્ધિએ ઠાણ;
તે ગિરિધ્યાતાં, નમતાં સ્તવતાં, સ્પર્શતાં પરમ કલ્યાણ રે.
સજના તીર્થ. ૫

સમેતશિખર ગિરિવીશ જીનેશ્વર, સિધ્યા અણુશન પાલી;
નીજ નીજ પરીવારે પરવરીયા, કર્મ બંધન સવી ટાળી રે
સજના તીર્થ. ૬

નિર્વાણ પામ્યા જ્યાં જે જિનવર, ત્યાં તે પાદુકા સ્થાપન;
પાશ શામળીયા પ્રસાદ મનોહર. દર્શનચિત્ત પ્રસન્ન રે.
સજના તીર્થ. ૭

આબુ ગિરિએ અદ્ભૂત દહેરાં, આદિ નેમિ અભિરામ;
કોરણી કારીગીરી અતિ અનુપમ, જગમાં અવિચળ નામ રે.
સજના તીર્થ. ૮

અચળ ગઢે ચૌમુખ જીનપ્રતિમા, કંચનમયી ઉત્તંગ,
ભુવન શિખર અંબરને ભેદે, પૂજ્યા પાવન અંગ રે.
સજના તીર્થ. ૯

અષ્ટાપદ ગિરિ ભરત નરેશ્વર, "સિંહ નિષદ્યા" કરાવે;
મણિમય બીંબ સ્વતનુ પ્રમાણે, ચઉ-અઠ્ઠ-દશ-દો ભરાવે રે.
સજના તીર્થ. ૧૦

ઋષભજિણેશ્વર દશસહસ્ત્ર મુનીશ્યુ, સિધ્ધ્યાએ ગિરિ ઠામે;
આદિ નિર્વાણ કૈલાસે* પ્રસિદ્ધ, શાસ્ત્રે વર્ણન અભિરામ રે.
સજના તીર્થ. ૧૧

*કૈલાસ એ અષ્ટાપદ

ઢાળ ૨ જી.

ઉપરની દેશી અથવા

"સાંભળજો મુની સંયમ રાગે, ઉપશમશ્રેણે ચઢીયારે" એ દેશી.

તારંગા તીર્થ શ્રી હેમાચાર્યે, પ્રવર્તાવ્યું કલિ કાળે રે;
અજિત અનુપમ બીંબ પ્રાસાદ, કારિત **કુમાર પાળે** રે;
તીર્થ નમો નિત્ય રંગે રે સજના તીર્થ નમો નીત્ય રંગે ૧

રાણકપુર પ્રાસાદની રચના, પ્રેક્ષક ચીત્ત ચમત્કારી રે;
"**ત્રૈલોક્ય દીપક** નામ પ્રમાણુ, ચૌમુખ ચૈત્ય મનોહારી રે.
તીર્થ નમો. ૨

કેશરીયાની મૂર્તિ નીરખો, અદ્‌ભુત મહીમા જાસ રે;
રાણા ઠાકુરને અન્ય દર્શી, નિત્ય નમે ઉલ્લાસ રે.
તીર્થ નમો. ૩

માળવ દેશે માંડવ ગઢનું, તીર્થ વર્ત્ત જયકાર રે;
સૂપાર્શ્વજીન પ્રતિમા પૂજીને, સફળ કરો અવતાર રે.
તીર્થ નમો. ૪

શંખેશ્વર સ્તંભન પંચાશર વરકાણા અંતરીક્ષરે;
મક્ષી ફળોધીને અવંતી, પાર્શ્વ તીર્થ પ્રત્યક્ષ રે.
તીર્થ નમો. ૫

શામળા-ગોડીજી, ચિંતામણી પાર્શ્વ વિધવિધ નામે રે;
મહીમા અતુલ્ય જગ વિખ્યાતી, **કલ્યાણ પાર્શ્વ** પ્રણામે રે
તીર્થ નમો ૬

ભ્રગુપુરનગરે **મુનીસુવ્રતની,** પ્રતિમા અદ્દભૂત રૂપરે;
દર્શન ધ્યાન વળી ગુણગાન. આણુ દે આતીમ ભૂપરે
તીર્થ નમો. ૭

ભોયણી ગ્રામે **મલ્લી,** ઝગડીયે, તીર્થ પતિ **આદીશ** રે;
ગાંધાર સત્યપુર પાનસર ગ્રામે, પ્રણમું **વીર** જગદીશ રે.
તીર્થ નમો. ૮

ચઉ વીશ જીન કલ્યાણક ભૂમી **વિનીતા** આદિ અભિરામરે;
વાણારશી-રાજગૃહી ચંપાપુરી, હસ્તીનાપુર સુખ ધામરે.
તીર્થ નમો. ૯

પાવાપુર સ્પર્શતા નિર્મળ, અધ્યવસાય શુભ યોગ રે;
વીર નિર્વાણ ભુમી પ્રાસાદ, નીરખ્યાં નાશે અઘરોગ રે.
તીર્થ નમો. ૧૦

એ આદિ બહુ નાના તીર્થો, ભરત ખંડે વિદ્યમાન રે;
પ્રાચીન અર્વાચીન પ્રીત આણી, પ્રણમ્યે આત્મ કલ્યાણ રે.
તીર્થ નમો. ૧૧

વળી અપ્રસિદ્ધ વિચ્છેદ જે તીર્થો, વર્ણવ્યા શાસ્ત્ર મોઝાર રે,

પ્રાતઃકાળે તીથ વંદન સમયે, સ્મરણુ સદા સુખકાર રે.
તીર્થ નમો. ૧૨

કર્મ નીવીડ અતિનિર્જરા હેતે, સ્તવન રચ્યું 'તીર્થમાલ'રે;
આતમ રત્નપ્રસાદે "બોધી" મળી ફળી ટળી જંજાળરે.
પ્રાપ્ત સીધ્ધી સુખ વિશાળરે આણુંદ વાણી રસાળ રે.
તીર્થ નમો. ૧૩

ઇતિશ્રી "તીર્થમાલા સ્તવન."

ભગવાનના દર્શને થતા આનંદ

સહીત પ્રતિજ્ઞા સ્તવન.

ધન્ય ધન્ય દહાડોરે મારે આજનો, સફળ થયો નયન ભાવ;
ભાગ્યે તુંમ દરબારે આવીયો, દીઠો ભવ્ય દેખાવ. ધન્ય. ૧

કાળાંતર ભમતાં હું પામીયો, સુગુરૂ વચન સંયોગ;
ભાન કરાવ્યું રે તુમ લક્ષણુ તણું, શુધ્ધ થયો ઉપયોગ. ધન્ય. ૨

પુરવ પુણ્ય મહોદય જાગીયો, લાગીયો તુમ ગુણુ રંગ,
ગુણુ સ્તવંતારે દૃઢતા દીલવસી, વાધ્યો અતી ઉછરંગ ધન્ય. ૩

દ્રષ્ટી મીલાપેરે દુઃખ સવી નાશીયું, સ્પરશંતા મનતોષ;
કેડો સ્વામી મુકું ન હવે તાહરો, જબદુઃખપૂંજનો શોષ. ધન્ય ૪

હાથ ચહ્યો નાથ વીલો ન પળ મુકું, રાખું હૈડારે પાસ;
સુગુણ સ્વામી રે સેવક સમકરે, પુરો મુજ એટલી આસ. ધન્ય ૫

ભક્તીથી ચાહું રે ભવ ભવ સેવણા, નાથત્વ અન્ય પરીત્યાગ;
મન વચકાયે પ્રતીજ્ઞા હું ગ્રહું, અવીચળ રહો તુમ રાગ. ધન્ય. ૬

મસ્તક સ્વામી ચરણે સ્થાપીઉં, રક્ષા કરો દીન દાસ;
ઉધરો મુજને રે ભવ સાયર થકી, ન અન્ય કો અભીલાષ. ધન્ય ૭

સ્વામી સ[illegible] ધ્યાને મગ્નતા, હેતુતે પરમ આનંદ.
પરમપદની એ જ્ઞાતા શીરોમણી, નામ ગ્રહણ સુખકંદ. ધન્ય ૮

ધન્ય વેળા ધન્ય સ્થાનક રે લહું, જવજ્યાં મુજ પ્રભુજી મીલાપ
આત્મ [illegible] સ્મરણ જે રત્નનુ ટાળે તે સકળ સંતાપ.
ધન્ય ધન્ય દહાડો રે મારે આજનો. ૯

શ્રી ગહુંલી સંગ્રહ.

શ્રી આચારાંગ સૂત્રની ગહુંલી. ૧

"કેશરીઆજી અરજ સુણોને અમારી" (એ દેશી)

સુણો ભવી શ્રેષ્ઠ આચારાંગ વાણી,

અતિ હિતકારી વળી ગુણ ખાણી સુ.—ટેક

ભાખ્યા જીન શાસને અંગ તે બાર, તેમાં પહેલું આચારાંગ ઉદ્ધાર,

જે વરણવે સાધુ શુદ્ધ આચાર. સુણો ભવિ-૧

જંબુને સ્વામી સુધર્મા ભાષે, યથાવિધ સાંભળ્યું શ્રીવીર પાસે,

ભવિકજન હીતકારણ એ પ્રકાશે. સુણો ભવિ-૨

પ્રથમ મોટા બે વિભાગ જાણો, 'શ્રતસ્કંધ' પહેલું બીજું પ્રમાણો,

તેના અધ્યયન નવ સોળ વખાણો. સુણો ભવિ-૩

પ્રથમ શસ્ત્રપરિજ્ઞામાં અધિકાર, જીવતણું અસ્તિત્વ દાખણહાર

હિંસા પરિહારને વિરતી વિચાર. સુણો-૪

બીજું **લોકવિજય** અધ્યયન ધારે, વધે લોક આઠ કરમને ભારે
દાખે વ્યર્થ ત્યાગવા તે શા પ્રકારે સુણો-૫
પછી **શીતોષ્ણ** અધ્યયન નામ, કષાય તજી રહે સમ પરિણામ,
અનુકુળ પ્રતિકુળ ઉપસર્ગ ઠામ. સુણો-૬
ચોથું **સમ્યકત્વ** ચતુર તુમે પ્રેખો ઐશ્વર્યાદિ અભિલાષાને ઉવેખો
ટાળી મૂઢતા શુદ્ધતાને ગવેખો. સુણો-૭
હવે પંચમાં **લોકસારે** વિચાર, રત્નત્રય જગમાંહી એક સાર
કરો યત્ને આરાધન ભવ પાર. સુણો-૮
છઠું **ધૂત** નામે અધ્યયન ધ્યાવો, નિસંગતા સહીત ચારિત્રનેભાવો
અપ્રતિબદ્ધપણું દિલ લાવો. સુણો-૯
પછી **મહા પરિજ્ઞા** અર્થ વિચારો, સંજમ કરતાં કદી પરીસહ
પ્રચારો, સહે તે સાધુ રૂડે પ્રકારે. સુણો-૧૦
સુણો **વિમોક્ષે** રીતજે દાખી, સકલ ગુણયુકત ચારિત્રને રાખી
અંતક્રિયા શુદ્ધ તે કરવી ભાખી. સુણો-૧૧
કહ્યા અર્થ આઠે અધ્યયનદ્વાર, વર્ણવે **ઉપધાન** શ્રુત મનોહાર,
વીરે આચર્યો સુંદર સુખકાર. સુણો-૧૨
સાધુને ઉત્સાહ કારણ જાણી, સંજમની પુષ્ટી ભરી આ વાણી
આદર કરો આત્માર્થી ભવી પ્રાણી. સુણો-૧૩
બીજે શ્રુતસ્કંધે ચુલીકા પાંચ, કરી પંચમીની **નીશીથે** વાચ
માટે અત્ર ચાર ચુલિકા સાચ. સુણો-૧૪

પ્રથમ બેમાં અધ્યયન સાત સાત, ત્રીજી ચોથીમાં એક એકનિપાત
બીજે સ્કંધે સવી મળી સોળ વિખ્યાત. સુણો-૧૫

સોળેનું સામાન્ય એક અભિધાન, આચારાગ્ર આચારમાંજે પ્રધાન
ગ્રહો અર્થ ભવ્ય થઇ સાવધાન. સુણો-૧૬

માનુભાગ્ય ભાનુઉદય આજ મેરો. મળ્યો મનહર સુગુરૂ જોગતેરો
ફળ્યો સવિ વાંછિત અમ મન કેરો. સુણો-૧૭

સુણી સૂત્રવાણી અર્થ અચ્છેરો રસિકજન રસ ઝીલી અધિકેરો
અનુભવે હર્ષ આનંદ ઘણેરો. સુણો-૧૮

મતિ સિદ્ધિરીધ્ધિ દર્શને એક પ્રેરો દયા મગ્ન ગુરૂ વચને મનઘેરો
આતમરત્ન બોધે સફળ આ ફેરો સુણો-૧૯

સં. ૧૯૫૬ના માગશર સુદી ૧૧
કર્તાની બારવ્રત ઉચ્ચરણ તિથિ.

૨

શ્રી આગમોદય સમિતિ ઉત્પાદક પૂજ્ય આચાર્ય શ્રી આનંદસાગરજી સૂરી ગુણાનુવાદ.

" આજ સફળ દિન ઉગ્યો મારે " (એ દેશી)

ત્રીસલા નંદન ધર્મ સમાજે, આજે આણુંદ મેહુ ગાજેરે,
વીજલી ચમકારા માંહીરાજે, વૃષ્ટિ અમૃતસમ છાજેરે. ત્રી-૧

ગણધર ગુંથીત **વીરની** વાણી, આગમ દ્વારા ઉતરીરે,
પૂર્વાચાર્યોએ અવસર વર્તી, પુસ્તકારૂઢ કરી સુતરીરે. ત્રી–૨

આગમ શુદ્ધ પ્રતો દુર્લભતા. સદ્બોધ અલ્પતા પેખીરે,
નંદ મગન યમુના સુત રત્ને તર્ક ઉઠયો આ સ્થિતિ દેખીરે ત્રી૩

આગમોદય સમિતિ મતિવંતે, સ્થાપી ઉદ્ધાર વિચારીરે,
અંગ ઉપાંગ સુલભ્ય કરીને, શુધ્ધી પ્રતો પ્રસારીરે. ત્રી–૪

આગમવાચના પ્રાચીન રીતી, ચલવી અર્વાચીન કાળેરે,
આગમ અર્થ અપૂર્વ શ્રવણમાં, સુની મંડળ નિત્ય મહાલેરે. ત્રી–૫

અગમ અગોચર પદના અર્થ, સ્પષ્ટ પ્રગટ વિસ્તારીરે,
અનુપમ રહસ્ય સિધ્ધાંત પ્રકાશી, શંકા સંશય ધ્વંસકારીરે. ત્રી–૬

અલૌકીક ગુણ બ્રહ્મચર્ય જસ, અદ્ભુત ઉદ્યમી કરણીરે,
આણંદ વાણી અમૃત ઝરણી. જ્ઞાને તેજસ્વી તરણીરે. ત્રી–૭
આણંદ રસના રસ ઝીલણથી, રતિ પ્રીતિ ઘટપટ જાગીરે,
તજી પ્રમાદ, પ્રમોદ ભજીને, રસીક શ્રુત લય લાગીરે રેત્રી–૮
નંદન વનના મંદ પવનની, મલયચંદનસ્યું લહેરોરે,
શરદ પુનમ ચદ કુમુદીની સમ, આલ્હાદકારી શેરોરે. ત્રી–૯

પાટણ કપડવંજ રાજનગરે, સૂર્યપુરે હોય વારીરે,
પાલીતાણા **રતલામ** મુકામે, વાચના સુજ્ઞ ચિત્ત ઠારીરે. ત્રી–૧૦
ગુણસાગર સૂરિ **આણંદ** પાર્શ્વે, **મણિ મેઘ આણંદ** દીવોરે
સિદ્ધિ કમળસુરી વીર અનુમોદે, વાચનાચાર્ય ચીરંજીવોરે ત્ર

*વે. ચુ. ભો. કું. હી. ક. મ. જી. રસીયા, અષ્ટ આણંદ ગુરૂદાસોરે
સમિતિ કાર્ય સંપાદન કાજે, વર્ત્યો ચિત્ત ઉલ્લાસોરે. ત્રી-૧૨
ચુકશો નહિ અનુભવ રસ પ્યાસી, ક્ષણ આ ઉત્તમ દેહ ધારીરે
છતી શકતે વ્યય તન મન ધનનો, કરવો આતમરત્ન તારીરે. ત્રી-૧૬
સં. ૧૯૭૮ના આશો વદી ૪ ને મંગલ.

* એ પદથી શ્રી આત્મોદ્ધાર સમિતિના કાર્યવાહક આઠ સેક્રેટરીઓના નામનું સુચન કરવામા આવ્યુ છે.

૧ વેણીચંદ સુરચંદ, મેશાણા	૨ ચુનીલાલ છગનચંદ શરાફ, સુરત
૩ ભોગીલાલ હાલાભાઈ, પાટણ	૪ કુવરજી આણંદજી, ભાવનગર
૫ હીરાલાલ બકોરદાસ, મુંબઈ	૬ કમળશીભાઈ ગુલાબચંદ, રાધનપુર
૭ મણિલાલ સુરજમલ ઝવેરી, પાલણપુર	૮ જીવણચંદ શાકેરચંદ ઝવેરી, મુંબઈ

ગહુંલી ૩ જી મુનિ ગુણની. (અષ્ટાક્ષરી)

સુણો શાંતિજીણંદ સોભાગી (એ દેશી) અથવા
રૂડી ગહુંલી રંગ રસાળી.

દયાવંત દીસો અભિરામ, યાદ લાવું મુનિ ગુણગ્રામ;
કુમતિ સંગ અંગન ધારે, વદે વચન આગમ અનુસારે. ૧
રમે શિવ રમણી સંગ શુરા, ભાષાદિ પંચ સમિતિ એ પુરા;
ઈચ્છે ત્રણ્ય ગુપ્તિ સુખકારી; ચંડ પરીસહ ફોજ નીવારી. ૨

દ્રષ્ટિ વસ્તુ સ્વરૂપે સ્થાપે, ગતિ ચાર તણી રતિ કાપે,
જન્મ મરણાદિ ભયભીતા, રાચે રત્ન ત્રયી ગુણ ગીતા. ૩

ગુરૂ આણા સદા શિર ધરતા, લાભાલાભ જોઈવિચરતા,
બહુ જતના છકાયની કરતા, દિનદિન સંયમ શુદ્ધિ ધરતા. ૪

પરીણામ અધિકતા ભલેરી, કુંતે પીડયા ન પાછા પડેરી,
વધે રંગ સુવર્ણ તપાવે, રતી તીમ ઉપસર્ગ બનાવે. ૫

રસીયા સિદ્ધાંત અભ્યાસે, તત્વ અર્થ ગ્રહે ગુરૂ પાસે;
ન કદાગ્રહ ધરે મન કુડો, તામસ દુર દુર્ગુણ ભુંડો. ૬

રાત્રિ દિવસ વસે શુભ ધ્યાન, હિત સ્વપર સાધન સાવધાન;
રાજે સમતાવંત સોભાગી, લાલસા વિષયારસ ત્યાગી. ૭

લલના પરિચય ચિત્ત વારે, ચૂરે માન માયા મદ વારે;
નિત્ય તપ તપે બાર પ્રકારે, લાવો શુદ્ધ ભિક્ષા દેહ ધારે. ૮

લહે નવવિધ બ્રહ્મચર્ય પાળી, છતી રિદ્ધી આવરણ સવિટાળી;
ગચ્છાધિપ ગુરૂ આજ્ઞા પામી, નજદિક અવસરે અનશનકામી ૯

ચંગ સિદ્ધિ શ્યુરંગ અભંગ, દ્રષ્ટ રત્ન આતમ તે અનંગ;
દયાવંત. ૧૦

ગહુંલી ૪ થી (સ્તવન તરીકે કહી શકાય)

રાજુલ નેમનાથને વિનવે છે.

" શોભાશી કહું રે શત્રુંજય તણી " (એ દેશી)

(આદ્યાક્ષરી)

દરિશણ દોને દાસી પર કરૂણા કરી, યાદ કરોને પૂર્વ
પ્રીતડી સ્વામ જો
કુંભ શરણાગત જલને જતને ધરે, વાલિમ મારા
સંરક્ષણના કામ જો. દ. ૧

રત્ન કુલ દીપક ઈંદુ પીયુજી દીસો, ભાળ તિલક છો
ધર્મ ધુરંધર આપજો;
ઇચ્છાથી શરણું દો દીન અનાથને, ચંદ્ર ચકોરના જેમ
હરે મન તાપ જો. દ. ૨

દ્રષ્ટિ તમે તિર્યંચ પ્રાણી હિતમાં મુકી, મોટું હિત વિચારો
હું અબળા નાર જો;
મુઝાઉં હું એકલી આ સંસારમાં, દમે છે મુજને મોહ
તણા અધિકાર જો. દ. ૩

તેજ દીપકમાં તેલવિના કદી ના દિસે; નવ લલના રાજે
પ્રીતમ જબ દૂર જો;
લાજું હું નાથ વિના સખી સાથમાં, ગુપ્ત એ વાત ધરો
મુજ સ્વામી ઉર જો દ ૪

મોડું વહેલું દેવું દયા પતિ જો તમે, ત્રીજગ શરણ
અશરણને સુખ ધામ જો,
શીવનારે મોહ્યા છતાં ફરીને જુઓ; મુજ પર મહેર કરો
લલી લલી કહું સ્વામ જો. દ. ૫

ચુકી હું સમજીના ભુંડા સ્વાર્થને, છળ કરી પીયુ ચાલ્યા
વરવા શિવનાર જો;
સંજમ લઇ જોઉં હું શોકચ સ્વરૂપને, રત્ન અચળ પ્રેમ
નેમ રહો શિરદાર જો;
હરિશણ દોને દાસી પર કરૂણા કરી. ૬

ગહુંલી ૫ મી (મુનિવિહાર પ્રસંગે કહેવા યોગ્ય)
આદ્યાક્ષરી
("મ કરો આપ વિહાર" એ દેશી)

પ્રથમ સુગુરૂ ચરણે નમુંજી, જગ વત્સલ મુનિરાજ,
સકલ ભવ્ય જન વિનતિજી, પ્રગટ કરૂં હું આજ,
નિપુણ ગુરુ પુરો મનની ઉમેદ. ૧

નવ નવા સૂત્ર સંભળાવતાજી, આપ્યો જે આણંદ પૂર
કુણ વર્ણવે તે વાણીથી જી, અંગરસ વાધ્યો પ્રચુર;
નિ. પુ. ૨

વચન અમૃતરસ સ્વાદીયુંજી ખીર નીર રંજેન મન;
રસિક વર્ગ ઇચ્છા ઘણીજી સુણવા સૂત્ર સંપૂર્ણ નિ. પુ. ૩

રૂચિવંત પર કરૂણા કરીજી, મ કરો વાત વિહાર;
પરમ તત્વ દ્રષ્ટે જુઓજી લાભાલાભ વિચાર નિ. પુ. ૪
ચંચળ આયુ સ્વભાવનેજી, જાણી આપ પસાય;
દરશ શ્રવણ વિરહ ના ખમુંજી, પામી સબળી સહાય. નિ. પુ. ૫
દયાનિધિ પ્રેખો મન સ્થિતિજી, ઉવેખો ન આધીન જન,
રીઝવી નિજ વાણી ગુણેજી, ભલે પધારો પ્રસન્ન નિ. પુ. ૬
શરણાગત આશા ભર્યાજી; મ કરો હમને નિરાશ;
ગુરૂજી વિનતિ સ્વિકારશોજી માનું સફળ આ પ્રયાસ, નિ. પુ. ૭
શું વિનવું ગુરુજી ઘણુંજી, મન ઉલ્લસે તુમ પાસ,
ગુણ નિધિ ગુણ નિત્ય સાંભરેજી, જઇશું હવે કુણ પાસ, નિ. પુ. ૮
વળી કયારે મુખ પ્રેખશું જી, કયા સુણશું તુમ વાણ
પંન્યાસજી કહો પ્રેમથીજી, અર્થ વિસ્તારક ભાણ, નિ. પુ. ૯
ચુકશો નહિ ચતુરાજનોજી , સામગ્રી યોગ અનુકુલ,
ફોરવો વીર્ય સિદ્ધિ ભણીજી બોધ રત્ન એ અમૂલ, નિ. પુ. ૧૦

ગહુંલી ૬ ઠ્ઠી મુનિગુણની

આદ્યાક્ષરિ

"આજ સફળ દિન ઉગ્યો મારે, ગુરુજીનું મુખડું દીઠું રે" (એ દેશી)

દરિશણ દુઃખ હરણ ગુરૂ કેરૂં, સંસર્ગ નિત્ય સુખદાઈરે;
યાદ કરી અહનિશ સ્તવું હું, મુનિગુણ આતમ તારીરે. દ. ૧

કુમતિ ટાળે શ્રોતા જનની. સુમતિ સુગતિ વિતરતીરે;
વચન વિવેક સુનય યુત વાણી, શાણી સમય અનુસરતીરે દ. ૨

રતિ પ્રીતિ ભક્તિ સિધ્ધાંતે, અનુભવે આનંદ લહેરરે,
કલ્પિત સુખ ઈચ્છા સવિરોધી, જાણી હાનિકર ઝેરરે. દ. ૩

લાલન પાલન જીન આણાનું, કહેણી રહેણીમાં પ્રધાનરે,
નહિં તે વિણ ડગલું એક મુકે, મોક્ષ હેતુ તે નિદાનરે. દ. ૪

ચંદન શીતલ લેપ કરે એક, બીજો વાંસલ ઘા કરતોરે,
દ્રષ્ટિ તુલ્ય છે એ બણી જેહની, ધન્ય મુનિ સમ ધરતોરે. દ. ૫

ચુકયા જે જીન આણા બ્હારા, પડીયા મારગથી દૂરરે,
છન્દ ત્યજી ભજે રત્ન આણાજે, નિશ્ચે સિદ્ધિ હજુરારે. દ. ૬

ગહુંલી ૭ મી (શ્રાવક ગુણની)

આદ્યાક્ષરિ

"જીરે સરસ્વતી સ્વામીનિ વિનવું" (એ દેશી)

જીરે ચંદ્ર ચકોર મન રીઝવે, જીરે મેઘથી મોર પ્રસનરે
ગુણવંતા ગુરૂજી વાણી
સુધા મુજ મન રમી,
જીરે આનંદકારી મુનિ દરિશણરે ગુણ૦ ૧

જીરે દયા ધરવી કહી જીવ માત્રની, જીરે આદર્યું
આગમ એ વચનરે, ગુણ૦

જીરે વાત્સલ્ય સહુ ધર્મિ જનરે ગુણુ૦ ૨

જીરે નરક તિર્યંચ ગતિ છેદવા, જીરે ઇંદ્રિય દમન સુપાત્રે
દાનરે ગુણુ

જીરે માન રહિત દાન જ્ઞાનરે ગુણુ૦ ૩

જીરે કુમતિ મિથ્યાત્વી સંગ વર્જીએ; જીરે સમકિત ગુણુ
એ પ્રધાન રે ગુણુ,

જીરે ન્યાય મતિ લક્ષણુ એ ઉદારરે ગુણુ૦ ૫

જીરે વડીલ વિનયનવી વીસરવો જીરે વિવેકી ઉત્તમ આચારરે

જીરે ન્યાય મતિ લક્ષણુ એ ઉદારરે ગુણુ.

જીરે રત્ન ત્રયી ભાખી રળીઆમણી જીરે આરાધો ઉમંગે
અપારરે ગુણુ;

જીરે પરિણામે પરમાનંદ દાતારરે ગુણુ૦ ૬

જીરે ખુમી ન કરવી સ્વગુણુ તણી, જીરે પરગુણે મન અતિ
તોષરે ગુણુ.

જીરે પરદોષે લેશ ન રોષરે ગુણુ૦ ૭

જીરે શાસનોન્નતિ નિત્ય ચિન્તવો, જીરે દુર નિવારી પ્રમાદરે ગુણુ.

જીરે ઉદ્યમ એજ આબાદરે ગુણુ૦ ૮

જીરે લજ્જા ક્ષમા વ્યવહાર શુધ્ધતા, જીરે નિર્મલ સરલ
વિચારરે ગુણુ.

જીરે પાપ રહિત સવિ આચારરે ગુણ૦ ૯

જીરે ભાષા મધુરી સૌમ્ય મુદ્રિકા, જીરે પ્રતિતવંત પ્રિય સારરે ગુણ.
જીરે કૃતજ્ઞી નિરાશ્રીત આધારરે ગુણ૦ ૧૦

જીરે ઈત્યાદિ શ્રાવક ગુણ ભર્યા, જીરે કહ્યાં તે ધર્મને યોગ્ય ગુણ-
જીરે સુંદર મતિ થઈ ચેરે ગુણ ૧૦ચાર

જીરે ચુકવું ઘરના ચતુરાજને, જીરે અનુકુલ જોગ પસાયરે ગુ૦
પુન્યવંતા ભાવિકાદરો શ્રાવક સુધર્મને જીરે દારિદ્ર દૂર
પલાયરે પુણ્ય ભ.
જીરે ભવની તે ભાવટ જાયરે પુણ્ય ભ. ૧૨

જીરે છતી શકતે વીર્ય ન ગોપવો, જીરે રત્ન સુબોધ સુખદાયરે
પુણ્ય.
જીરે સિધ્ધિ સન્મુખ થવાયરે પુણ્યવંતા
ભવિકા આદરો શ્રાવક સુધર્મને, જીરે અંતે શિવરમણીવરાયરે
ગુણવંતા ગુરુની વાણી સુધા મુજ મન રમી ૧૩

ગહુંલી ૮ મી

ઉપધાન-દીક્ષા આદિ વ્રતોચ્ચારણ સમયે કહેવા યોગ્ય ગહુંલી
"સહીયર શાણા થઈએ" એદેશી

અંગ ઉમંગ આણંદ, સહીયર આજ વધાઇ આજ વધાઈ
પરમ સુખદાઈ

હાં હાં રે સંઘ મંગળ ગાઇ, હાં હાં રે ઉછરંગ સવાઇ, અંગ. ટેક.
ભાગ્યમાનુ ઉદય હું જાણુ, વ્રત ઉચરણનું ટાણુંરે સહી. ૧
આગ્ર ઉચિત સુમંગળ કરીએ, ચાર પ્રધાન મન ધરીએરે સ. ૨
પ્રથમ અરિહંત વીર ઉપકારી, સિદ્ધ ગોયમ ગણધારીરે સ. ૩
સ્થુલ ભદ્રાદિ મુનિ ગુણ ધામ, જૈન ધર્મ અભિરામરે સ. ૪
ઉત્તમ ચાર શરણ ચિત ધરી, વ્રત ઉચ્ચરે નરનારીરે સ. ૫
શીયાલ વૃતે સદા વ્રત વહેવું, વહીને સિંહ પેરે રહેવુંરે સ. ૬
શુદ્ધ ગુરૂજી તણો જોગ પામી, કરશો ક્રિયામાં ન ખામીરે સ. ૭
ગુરુ મંત્રિત વાસક્ષેપ ધરી શીર, કાયર બને શુરવીરરે સ. ૮
પ્રસન્ન વદન મુનિ હસ્ત પ્રસારે, વિઘ્ન સંકટ અપહારે રે સ. ૯
પ્રમાદ-કષાય-વિકથા પરિહરજો, ધર્મ ધ્યાન નિત્ય ધરજોરે સ. ૧૦
સિદ્ધિ સન્મુખ થઇ જો આરાધે, કાર્ય સિધ્ધિગુણ વાધેરે સ. ૧૧
હાં હાંરે ગુણવંત સખાઇ અંગ સ.
અરિહંત-સિધ્ધ-સાધુ-દેવ પુકારો, આત્મ સાખે વ્રત ધારોરે સ. ૧૨
અવસર સમજી અંતર શુધ્ધિ, કરવી નિજ નિજ બુદ્ધિરે સ. ૧૩
હાં હાંરે નિપુણ ચતુરાઇ અંગ સ.
સાધન સિધ્ધી યોગે સાધ્ય સાધી, રત્ન સેવકને સમાધિરે સ. ૧૪
હાંહાંરે મન હરખ ન માઇ, હાંહાંરે જય જય બોલાઇ અંગ સ

(નોટ) આ ઉપલી ગહુંલી પન્યાસજી સાહેબ શ્રી સિધ્ધી વિજયજી સન્મુખ કેટલાક સ્ત્રી પુરુષોએ ઉપધાન ઉચર્યા હતા તથા ચુનીલાલે પોતે (કર્તાએ) સં ૧૯૫૬ માગશર શુદ ૧૧ ને દિવસે બાર વ્રત ઉચર્યા તે પ્રસંગ પર કહેવાને ખાસ ગુરૂજીની આજ્ઞાથી બનાવવામાં આવી છે.

ગહુંલી ૯ મી

સાધુના સત્તાવીશ ગુણની ગહુંલી.

" વિમલ ગિરિ રંગ રસે મેવો " એ દેશી

નમો નિત્ય મુનિવર મન રંગે, સાધુ ગુણ સત્તાવીશ અંગે;
નમો. ટેક.

પંચ મહાવ્રતને ધરતાં, રાત્રિ ભોજન વિરમતાં;
છકાય આત્મવત્ રક્ષા કરતાં નમો.-૧

વિષય પંચેંદ્રી તણા વારે, લોભવૃત્તિ મનથી મારે;
ક્ષમા ભાવશુધ્ધિ સદા ધારે. નમો.-૨

કરે પ્રતિ લેખન ઉપયોગે, વર્તે સમિત્યાદિ સંયમ યોગે;
રમે નવિ સદવિકથા યોગે નમો.-૩

મરે દામે મન વચન કાયા, જોડે નવિ પણ સાધુ ભાયા;
બાવીશ પરિષહ સહે મુનિ રાયા નમો.-૪

મરણાંત કષ્ટ સહે વીરા, (પણ) ધર્મ ન મુકે સાધુ ધીરા;

એ સત્તાવીશ ગુણ ગંભીરા, નમો.–૫
દયા ભવિજનની દીલ ધરે, ગુણવંત મહીતલ પર વીચરે;
જીન મારગ ઉપદેશ કરે નમો.–૬
સૂત્ર સિધ્ધાંત અનુપમ વાણી, સુણો સજના પ્રેમ મન આણી;
હૃદયે ધારો એ ગુણ ખાણી નમો.–૭
મગ્નતા અર્થ ગ્રહે થાવે, પરમ આનંદ રસીયા પાવે;
આદરે ભવ્ય સુજ્ઞ ભાવે. નમો.–૮
દીપ પ્રકાશે તિમિર જાવે, આતમ સદ્બોધે નિર્મલ થાવે,
રત્ન સુગુરૂ ગુણ નિત્ય ધ્યાવે. નમો.–૯

સંવત ૧૯૫૮ના આશો સુદ ૫

સાધુના સત્તાવીશ ગુણની મૂલ ગાથા.

छव्वय छकाय रक्खा, पंचिंदिय लोह निग्गहो खंति;
भाव विसोहि पडिले, हणाय करणे विसुद्धिय ॥१॥
संजम जोए जुत्तो, अकुसल मणवयणकाय संरोहो;
सीयाइ पाइसहणं, मरणं 'उवसग्ग' सहणंच ॥२॥

અર્થઃ–૧-૫ પંચ મહાવ્રત, ૬ રાત્રિ ભોજન વિરમણ ૭-૧૨ છકાયની રક્ષા ૧૩-૧૭ પંચેંદ્રીનિગ્રહ ૧૮ લોભ નિગ્રહ ૧૯ ક્ષમા ૨૦ ભાવવિશુદ્ધિ ૨૧ પડીલેહણ વિશુદ્ધિ ૨૨ સંયમયોગ યુક્તતા ૨૩-૨૫ મન વચન-કાયા અશુભ માર્ગે જાતાં હોય તો રોકે ૨૬ પરિસહ સહન કરે ૨૭ મરણાંત કષ્ટ આવે પણ ધર્મ ન મુકે.

ગહુંલી ૧૦ મી

(સામાન્ય ગહુંલી) ગુરૂ દર્શનથી આનંદ

(" વીરોરે મેં તો નીશાળે જતા દીઠા " એ રાગ)

બેની રે મારે આજ આણંદ વધાઈ, કે દરિશણ પામીરે
સુગુરૂ તણું,
બેનીરે આજ આંગણે સુરતરૂ ફળીયો, કે હળીયો
દેશનામૃત પાને ઘણું-૧

ગુરૂજીરે તમે આગમ સૂત્રના ધોરી, કે ફોરવી વીર્યને
વાણી ગાજતી,
ગુરૂજીરે સુજ્ઞ ભવ્યને મનોહારી; કે અર્થ વિવેચને
બહુ રાજતી ૨.

ભવીકારે તમે સુણી ઉત્તમ વાણ, કે જાણ થઈને રે
વિરતી આદરો;
ભવીકારે સવી ઉપાધી દૂર વારી, કે મારી મોહને મુકિત
મન ધરો. ૩.

સજનારે જિન વચન તણી બલિહારી, કે આલ્હાદકારીરે
અનુભવ વંતને
સજનારે તત્વ ચિંતવી યોગ અસંખ્યે, કે જંખે રૂચે
જે બુદ્ધિવંતને ૪.

ચતુરારે તમે અવસર રૂડો પામી, કે ખામી ન રાખો
કાર્યને સાધવા;
ચતુરારે મનુ જન્મને જિન ધર્મ, કે દુર્લભ છે બહુ
ફરીને લાધવા ૫.

શાણારે ગુરુજી હું લળી લળી વિનવું, કે ઉધરો મુજ
નેરે ભવ સાગરથકી;
શાણારે રત્ન આતમ બોધે સિદ્ધો, કે સન્મુખ ફેરો
સફળ આ છે નક્કી ૬.

ગહુંલી ૧૧ મી

ગુરૂ ઉપકાર વિષે સામાન્ય ગહુંલી

(" જ્યારે હું હતું પશુ અજાનરે " એ દેશી)

આત્મ પ્રથમ નિગોદની માંહ્યરે, અન્તર અઢેરા ભવ કરે ત્યાંયરે
એક શ્વાસોશ્વાસને કાળ, દુઃખદુઃખભાળ, શરણુ નહિં કોયનું—૧
જ્યારે વ્યવહાર રાશિમાં આવીયો, ગતિ નરક તીર્યંચમાં રોળીયો
સહ્યા દુઃખ અનંતા અવાચ, કહ્યા નવ જાય, શરણુ શુભ ભાવનું
રોળતાં રોળતાં કદી થયો સોહીલો, દશ દ્રષ્ટાંતે કરી દોહીલો;
એવો મનુષ્ય જનમ કો કાળ, જોગવઈસુ વિશાળ, શરણુ શુભભાવનું ૨

શુભ ભાવે માનવ ભવ લાધીઓ, દુઃખદરિયા કિનારે આવીયે।
જો મળીયે સુગુરૂજી જોગ, મતિ થઇ યેગ્ય આતીમ વધામણા

કેણે શુધ્ધ દેવ ઓળખાવીયા, ગુરૂ ઉત્તમ ગુણ કેણે દાખીયા
પ્રરૂપ્યે જીન કથિત સુધર્મ. બતાવ્યે મર્મ, તે તો ગુરુજી તમે ૫

કેણે ભવિજન દયા દિલમાં ધરી, વેઠી પરીસહ વિદેશે વિચરી
દીધા સદુપદેશના દાન, સ્વપરના કલ્યાણ, તે તો ગુરૂજી તમે ૬

કેણે પાપી દુરાચારી શોધીને, એવા ધર્મ વિમુખ કેણે બોધીને
બુદ્ધિ યુક્તે પ્રટાવી વાણ, આગમનય પ્રમાણ, તેતો ગુરુજી તમે ૭

કેણે સૂત્ર અરથ સમજાવીયા, શાસ્ર સમદ્રષ્ટાંતે સ્થાપીયા; ૮
સિધ્ધાંત રહસ્ય ઉદાર, સુધા સમ ધાર, તે તો ગુરૂજી તમે

જેમ માતાને કર્યાં કોઇથી થાયના, જેમ ધર્મ પિતા ખુબી થાયના
તેમ ગુરૂજીનો પાડ વળાયના, વળે જૈન ધર્મ દ્રઢ રંગ, વસે
નિજ અંગ, ધન્ય ધન્ય ગુરૂજી તમે. ૯

રત્ન આતમ સિદ્ધી સેવા કરી, દયા મગ્ન સેવક સમતા વરી;
પામું સમ્યકત્વ ગુણ પ્રકાશ, સફળ આ પ્રયાસ.
જય જય ગુરૂજી તમે

થયો મનુષ્ય જન્મ કૃતાર્થ, પૂળી મુજ આશ, ધન્ય ધન્ય
ગુરૂજી તમે.

સંવત ૧૯૫૪ના આશો શુદ ૧૦ રવીવાર

ગહુંલી ૧૨મી
અથ પર્યુષણ પર્વની ગહુંલી

(" આજ સફળ દિન ઉગ્યો મારે" એ દેશી)

પર્વ પર્યુષણ પ્રોતે આરાધી, જન્મ સફળ સખી
કીજે રે;
સુગુરૂ વચન મનથી સદ્દહીને, દાન અભય જીવ દીજેરે પર્વ-૧
સારંભ કામો દૂર વારીને, અમર પડહ વજડાવોરે;
પ્રભાવના કરી સાહમી વચ્છલથી જૈન શાસન દીપાવોરે પર્વ-૨

શુદ્ધ શીયલ પાલીને તપસ્યા, યથા શકિત આદરવીરે,
જીન પુજા વલી સદ્‌ગુરૂ સેવા, પરમ ભકિતથી કરવીરે પ. ૩
તપસી મુનિ સહ ધર્મીજનની, વૈયાવચ્ચ દીલ ધરવીરે;
શકિત અભાવે સવિ ધર્મ કૃત્યોની, અનુમોદના દીલ ઠરવીરે. ૪
કલ્પસૂત્ર ભાવે પધરાવો, શાસ્ત્ર વિધિ અનુસારેરે;
ગુરૂ સન્મુખ આડંબરે લાવી, સુણજો વરતી આચારેરે પ પ
અદ્‌ભુત વીર ચરિત્ર મનોહારી; નીસુણી ગુણ અંગ ધરવા રે;
ઉત્કૃષ્ટા ઉપસર્ગ સહીને, અંતે શીવ સુખ વરવા રે પ. ૬
સંવચ્છરી દિન દાન સુપાત્રે, દઇ પડિકકમણું કરવું રે;
સવિજીવ વૈર વિરોધ ખમાવી, મિથ્યા દુષ્કૃત ઉચરવું રે પર્વ ૭
પરમ દયા ગુણ કદિ ન વિસારી, વિનય વિવેકે વર્તવું રે
રત્ન ચરણ નમી મન પ્રસન્ને, જ્ઞાન ધ્યાને મગ્ન બનવું રે. પર્વ ૮

ગુંહલી ૧૩. આદ્યાક્ષરી

(આ ગુંહલી ગરબી તરીકે કહેવા યોગ્ય છે.)

"ઓલઘડી તે આદિ નાથનીજો" (એ દેશી).

મતિ જાગી પ્રથમ મુની દર્શને જો, રતી લાગી ઉત્તમ ગુણ જ્ઞાનજો,
ગતી સ્થીતી સુધારો મયા કરીજો, દીયો કૃત્ય અકૃત્યનુ ભાનજો,
મતી. ૧

નથી સુખ ઘડી સંસારમાંજો, ચારે બાજુ દાવાનળ ઝાળજો,
કુંણ અન્ય શરણ નવી મન ધરૂંજો તુંમ ચર્ણ મીલાપ દુઃખ ટાળજો.
મતી. ૨

વદું વાત અંતર એક સાંભળોજો, કરૂં દીલ ખોલી પ્રીતમ પાસજો.
રહે સ્થીર ના ચંચલ મન માકડુંજો, કરો વશ તો ફલે મુજ આશજો.
મતી. ૩

ભાષો વચન જે સૂત્ર સિદ્ધાંતનાજો, ઝીલે શ્રવણ અમૃત ધારજો,
ઈચ્છા ઉઠી અનુભવ જ્ઞાન સ્યુંજો, અર્થ શુણતાં હર્ષ અપારજો.
મતી. ૪

ચંદ્ર સમ વદન સૌમ્ય મન હરૂંજો, તુંમ પંથ વિબુધને માન્યજો,
દયા ઉત્તમ ગુણ હૃદયે રમ્યો જો, દયાપતી વિવેક પ્રાધાન્યજો.
મતી. ૫

ચુકે શું તુ ચેતન મુઢતા ધરી જો, પળ એક લાખેણી જાય જો,
છતે જોગે કારજ નવી સાધીઉં જો, પશ્ચાત્તાપે સીધ્ધી નતો થાયજો.
મતી. ૬

સદા સેવા કરૂં મન ઉલ્લસી જો, ગુલતાન બની ગુણુ તાનજો,
સુખ યાચું અચળ સિદ્ધીતણું જો, નાથરત્ન વીનતી ચીત્ત માનજો.
મતી. ૭

ગુંહલી ૧૪.

(સઝાય તરીકે કહેવાય)

મીદ્ધ ચક્ર પર સેવા કીજે, નરભવ લાહોલીજે જીરે (એ દેશી)

મનડે વસ્યા સ્વામી દ્રઢ રંગ, ગુણુ નીર્મળ નીર ગંગજી રે,
નીત્ય ઉમંગે સંગ અભંગ, ચાહુ ભકતી ભર અંગ,
મુનીવર નમીએ જીરે. (ટેક) ૧

કુમતી મીથ્યાત્વી તણા સંગ વરજો, પામી શુદ્ધ સ્વરૂપ જીરે,
વચન અગોચર ગુણુ જ્ઞાનીને, વાણી યથાર્થ અનુપ,
મુનીવર નમીએ જીરે ૨

રતિ અરતિ વેદન નહીં ભેદ ન, શત્રુ મીત્ર સમભાવ જીરે,
ગુણુ ઉત્તમ એ સાધુ પણાનો, બીજે ઘટેના બનાવ,
મુનીવર નમીએ જીરે. ૩

લાયક જગ નાયક તુમ સરીખા, દાયક વાંછય પ્રકાર જીરે;
બહુ બહુ પ્રૌઢ પ્રયત્ને પામી, વિબુધા મુકેના લગાર,
મુનીવર નમીએ જીરે. ૪

ચંદ્ર સમ દર્શન જસ મનોહારી, સૂર્ય સમ જ્ઞાન પ્રકાશજીરે,

દયા ડગળે ડગળે જસ ધર્મે, અંગીકરે ફળે આશ,
મુનીવર નમીએ જીરે, ૫

ચુકવું ઘટે નહી ચતુરાજનને; સામગ્રી યોગ અનુકુલ જીરે,
છતીશકતી એ વીર્ય નવી ગોપો, રોપો સમ્યકત્વ તરૂ મુળ,
મુનીવર નમીએ જીરે. ૬

સમતા વારી સીંચી તરૂ પોષો, રત્નત્રયી પુષ્પ જાસ જીરે,
સુખ શાશ્વત ફળ અનુભવી અંતે, આત્મ રત્ન તુમ પાસ,
મુનીવર નમીએ જીરે. ૭

ગુંહલી ૧૫. સ્તવન કરીકે કહી શકાય
આદિત્યે અરિહંત અમચૈર આવોરે (એદેશી)
મળ્યો મુજ નેમી જીણંદ વંદન કાજે રે,
ગંભીર ગઢ ગીરનાર ગીરૂઓ ગાજે રે. ૧

નમું નીત્ય નાથ નગીન રાજુલ તારી રે,
કુંડલ પડીયા શુન્ય પીયુ જો વીચારીરે. ૨

વર્ત્યો શો અપરાધ ભાખો સાચું રે,
રમણ રમા રડતી મુકો ન હું યાચું રે. ૩

મતી રતી નવ મુજ હીણ હૈયું કાચું રે,
નિત્ય સમીપે સ્વામ રહી હું રાચુંરે. ૪

કુંભ તણો જલ સંગ રંગે માગે રે,
વનીતા વાલીમ સાથ સુખ દુખ ભાગે રે. ૫
રત્ન ગમ્યું તુજ મંન સંયમ ધારી રે,
ચુકી હું લગી આ વાર મણી મેં સ્વીકારી રે. ૬
છળ જવાલા સંસાર સુધર્મે તરીએ રે,
સરસ દયા પતી સંગ ઉમંગે ધરીએ રે. ૭
સુજ્ઞ શીયલ મણી તુલ્ય સંજમ પાળો રે,
રત્ન જ્ઞાન મંગન આત્મ નિહાળો રે. ૮

ગહુંલી ૧૬, આદ્યાક્ષરી

રાજીમતીને નેમનાથજી ત્યગીને ચાલ્યા જાય છે, તે વખતની
રાજુલની નેમનાથ પ્રત્યે વિનંતિ

વીર મને તારો મહાવીર મને તારો, ભવજલ પાર ઉતારો નીરે

નેમ કુંવર હું વીનતી કરૂં છું કિમ મુજ પરહરી પરવરો રે,
મન્દ મતિ ગતિ દોષ વતી જે, પ્રાણપતિ નવી દીલ ધરો રે. ૧
કુંણને ભરોસે મુકો અબળાને, સબળ ચરણ આશા ભરી રે,
વનિતા આલંબન વાલીમ જગમાં, નાથ સનાથ કરો ફરી રે. ૨
રમણ તરૂણ વયે રમણી સંગ, અન્ય જીને અંગીકર્યો રે,
કરૂણા કરી કહો કોણ કસુરે, પૂર્વ પ્રેમ સવી વિસ્મર્યો રે. ૩

સ્તુતિ કરૂં શું સ્થુલ મતિ હું, રસીક પ્રીતમવર ગુણ તણીરે,
રતિ નિપુણ અતિ રમણી રૂદન, મન કિમ ન ધરો દયા ઘણીરે ૪
ચંચલ બુદ્ધિ ચતુર ચિત્ત વૃત્તિ, વદો વીરમી સંસારથી રે.
દ્રષ્ટિ લાગી જો શાશ્વત સુખે, ક્ષણીક સુખે સર્યું આજથી રે ૫
ચુકતું શા કારણ અવસર પામી, સ્વામી ચરણ શરણ ગ્રહ્યું રે,
છની સંપત્તી દંપતી છાંડીને, સિધ્ધિ સ્વરૂપ પ્રગટ લહ્યું રે. ૬
સતી રાજી મતી ગુણવતી કેરો ગુણી અધિકાર આદર કરો રે,
મુજ સ્ત્રી પ્રેમ અચળ ભર્તારે રત્ન સુશીલ હૈડે ધરો રે. ૭

ગહુંલી ૧૭ મી

અમે ઇશ્વર માગીયે એટલું એ દેશી.
(આદ્યાક્ષરી)

ગુણવંત ગુરૂજી પધારીઆ, લાવ્યા ચતુર ચેલાજી સાથ
નમો નિત્ય નાથને;
બહુ ભકતે તપસ્યા આદરો, કુંવર કુંવરી પુસ્તક ઘો હાથ
નમો નિત્ય નાથને. ૧
વચન આગમ ગુરુજી મુખ સુણી, રળીયામણા મન ધરો રંગ
નમો.... ....

ચુકશો ચતુરા નહિં જોગ પામીને, નીતિ આચરણ ધરજો અંગ
નમો.... ....૨

લાગી પાય એની માગો એટલું, લક્ષણવંત સમકિત દાન
નમો.... ....

છતી શકિત વીરજ શુભ ફેરવી, સફળો દુર્લભ મનુ જન્મ માન
નમો.... ....૩

ધન્ય ધન્ય દિવસ સખી આજનો, ગીરૂઆ ગુરૂજી દર્શન સંપન્ન
નમો.... ....

દમણ નયર ભાગ્ય ભાનુ ઉગીઓ, રહ્યા ચોમાસુ મુનિ રતન્ન
નમો ૪

જ્ઞાન દર્શન ઉદ્યોત કરાવીઓ, ભણવું ગણવું પચ્ચખ્ખાણ વિશાળ
નમો.... ....

ઉત્તમ કાંતિ સદૃશ ગુરૂ વર્તણા, નીરખી પામું મંગળ માળ
નમો.... ....૫

રૂડી રત્ન શિક્ષા ચીત્ત ધારજો, આદરજો સુનીતી સુજાન
નમો.... ....

જૈન ધર્મનો મર્મ વીચારજો. દયા ગુણ સવ ગુણ પ્રધાન
નમો.... ....૬

ગહુંલી ૧૮

સીધ્ધાચળ ગીરી ઉપર ચતુર્માસ કરવા સબંધ ગંહુલી.

વિમળાચળે સિદ્ધિ આવી વસ્યા, રસીયા જીન આગમ વાણ
ગુરૂ તીર્થ વંદીએ. ટેક.

પુણ્યયોગે અમુલ્ય જોગ લાધીઓ, માનું ઉગ્યો સ્વભાગ્યનો ભાણ
ગુરૂ૦ ૧

જ્ઞાન ધ્યાનાદિ તપ-જપ આદરો, ચાતુર્માસ રહી ગુરૂ પાસ
ગુરૂ૦ ૨

સ્થાવર જંગમ તીર્થને ભેટીને, ઉજમાળો કરો અભ્યાસ;
ગુરૂ૦

સારંભ કામો સર્વે નિવારીને, વળી છંડી સર્વ જંજાળ;
ગુરૂ૦

ત્યાગી ઉપાધિ તીર્થે આવીયા, રૂડો ગાળો ચઉમાસાનો કાળ
ગુરૂ૦ ૩

શાસ્ત્રકારે ભાખી 'છરી' ધારજો, એકલ[૧] આહારી સચિત્ત[૨] પરીહારી;
ગુરૂ૦

ભોંય[૩] સંથારી પદચારી[૪] બ્રહ્મચારી[૫], વળી પડિક્કમણા[૬] દોયવારી
ગુરૂ૦ ૪

'છરી' પાળતાં ઉત્કૃષ્ટ ભાવથી, સિદ્ધક્ષેત્ર જાત્રા મનોહાર ગુરૂ
શુભ યોગે નવ્વાણું પુરી કરો, એની સહેજે લહો ભવપાર
ગુરૂ૦ ૫

સિદ્ધાચળે દ્રવ્ય જે વાપરે, ધન્ય મનુષ્યપણું તમ જાણ;
ગુરૂ૦

કરે ચોમાસું નવ્વાણું જે નરા, ગુરૂ ભકિત સુપાત્રે દાન
ગુરૂ૦ ૬
રૂડા ધર્મી પિતા સુપસાયથી. હેત ઉત્તમ પામી બોધ;
ગુરૂ૦ ૭
દયા મગ્ન અનુભવ પ્રેમશ્યું રત્ન વચન સદા અવિરોધ ગુરૂ૦ ૭

ગરબી. ૧૯

શ્રી જૈન ધર્માનુસારી સાૈભાગ્યવંતી સ્ત્રીને દીવસની કરણી.

દેશી. આવોરે આવો પાસજી મુજ મળીઆરે.

સુણો સખી ઉત્તમ કરણી તમારીરે, જે છે ગૃહસ્થ સ્ત્રીને
અનુસારીરે સુણો ટેક

પિયુ પહેલા પ્રભાતે ઉઠોજેરે, અરિહંત સ્મરણ મન કીજેરે
પ્રણમી પીયુ આજ્ઞા લીજે સુણો ૧
પછી સમતા ગુણ રસ મેવારે, સજ્જ થાઓ સામાયક લેવારે
કરો શુધ્ધ મને જ્ઞાન સેવા રે સુણો ૨
વ્રત શકિત તણે અનુસારેરે, નવકારશી આદે ધારેરે;
સામાયક તે પછી પારે સુણો ૩
ઘર કાર્ય પછી આદરવારે, વિચાર વડિલ અનુસરવારે;
નાહી શુધ્ધ વસ્ત્ર અંગ ધરવા સુણો ૪
જીનાલય જઇ જીન વંદારે, સ્તવના દિકે ગુણ અભિનંદારે
ગુરુ-વંદનથી આનંદારે સુણો ૫

બાળ બાળાને શાળે વળાવોરે ભોજન સામગ્રી બનાવોરે,
મુનિરાજની ભાવના ભાવો સુણો ૬
સુભાગ્યે મુનિ ઘર આવે રે, શુદ્ધ આહાર ઉલ્લાસે વોહરાવોરે
પ્રતિલાભી આનંદી વળાવો.૨ સુણો ૭.
પીરસુ આદિ પ્રીતથી જમાડીરે, બાળ બાળાને પાસે બેશાડીરે,
આહાર લો પછી આસન માંડી. સુણો ૮.
આહાર લેતાં ઉણા અલ્પ રહેવું રે, રોગાદિ પડે નવિ સહેવુ રે,
રાખો શરીર સુઘડ ખુબ તેવુ.સુણો ૯.
પછી સ્નેહી મંડલમાં બેશોરે, કુથલીમાં કદી નવ પેસોરે,
વાત તત્વ તણી ચિન્ત લેશો સુણો ૧૦.
ઘડી બે અભ્યાસમાં ગાળોરે, વાંચી પુસ્તક નીતિથી ચાલોરે,
બોધ બુદ્ધિ રૂડી બાળ આળો સુણો. ૧૧,
ઘર ધંધો સંધ્યાનો ધારોરે, સૂર્ય અસ્ત પહેલાં પરવારોરે,
કરો પછી પ્રતિક્રમણાદિ આચારો. સુણો ૧૨.
સંધ્યાએ દર્શન જીન જાવોરે. દુવિહારાદિ વ્રત ભાવોરે.
આવો બાળક ધર્મ ભણાવો. સુણો ૧૩.
શુદ્ધ તત્વ ગ્રહણ તો કરવુંરે, સમયને સદા અનુસરવુંરે,
વિવેકીનું એ આચરવું. સુણો ૧૪.
સુખ વૃત્તિ મગન અનુભવીરે, દુઃખ વૃત્તિ દયાથી હરવીરે
સ્વામી સેવા સદા દીલ ધરવી સુણો૧૫
પ્રીય અલ્પ બુદ્ધિ આ વાણીરે હૃદય ધરશો પ્રીત આણીરે
રત્ન શિક્ષા એ રત્નની ખાણી સુણો ૧૬.

ગહુંલી ૨૦ મી

સજની મોરી રજની કયાં રમી આવ્યાંરે એ દેશી.

સ. મોરી વિજય કમળ સૂરી વંદોરે, સ. દાન લબ્ધી અભિનંદોરે;
સ. રત્ન ત્રયી ગુણ ધામરે, સ. ત્રી મૂર્તિ અભિરામરે, ૧

સ. બહુ બહુ વીનવે પધાર્યારે, સ. સુરત શેહેર ભાગ્ય જાગ્યારે,
સ. જગેજગ આણુંદ છાયોરે, સ. ધર્મી જન હર્ષ નમાયોરે. ૨

સ. ઉપમીતી ભવ પ્રપંચરે, સ. ઉત્તમ કથાનક સંચરે:
સ. વાચસ્પતી ગુરૂ વાંચેરે, સ. શ્રોતાવર્ગ અતિ રાચેરે. ૩

સ. સંસાર સ્વરૂપ ખરૂં ચિત્રરે, સ. અર્થ વિવેચન સુપવિત્રરે;
સ. વૈરાગ્ય રસ પુષ્ટિ વાણુરે, સ. રસીક જન સુધા સમાનરે. ૪

સ. આશ્વિન એકાદશી એકાશીરે, સ. ઉપધાન વ્રત અભિલાષીરે,
સ. જાગ્યા **નવલચંદ** વીરરે, સ. સકુટુંબ આદરે ધીરરે. ૫

સ. નોતર્યા સધર્મી જંનરે, સ. પધાર્યા અનેક રતંનરે,
સ. શ્રીમંત બુદ્ધિ ગુણવંતરે, સ. જ્ઞાન ક્રિયા મળ્યો તંતરે ૬

સ. **દાન** સુરીશ્વર પાસે રે, સ. ક્રિયા કરે સવી ઉલ્લાસે;રે
સ. તે સ્ત્રીપુરૂષ જન્મ ધન્યરે, સ. જેમણે વ્રત આરાધ્યા આમન્યરે૭

ગુ. તમને લળી લળી વિનતી ગુજારૂંરે ગુ.તમે પૂર્ણ કરાવજો વ્રતપ્યારૂંરે
ગુ. તમે આત્મ રત્ન શિષ્ય વાણુ રે ગુ. તમે ધ્યાન દેજો ગુણ ખાણુરે

અથ સ્તવન સમુદાય

श्री आदि जीणंद स्तवन.

आदिजिनं वन्दे गुणसदनं, सदनंतामलबोधं
बोधकता गुण विस्तृत कीर्ति, कीर्तित पथम विरोधम् ॥
आदि० १

रोध रहित विस्फुर दुपयोगं योगं दधतमभंगम्;
भङ्ग नय व्रज पेशल वाचं, वाचंयम सुख संगम् ॥
आदि० २

संगतपद शुचि वचन तरंगं, रंगं जगति ददानम्;
दान सुरद्रुम मुन्वलहृदयं, हृदयं गम गुणमाणम् ॥
आदि० ३

माणंदित सुरवर पुन्नागं, नागर मानस हंसं;

हंसगति पंचमी गति वासं, वासव विहिताशंभम् ॥
आदि ४

शंसंत न य वचनमनवमं, नवमंगल दातार;
तारस्वर मथ गमपवमानं, मान सुभर जेतारं ॥
आदि० ५

वसंत तिलका

इत्थं स्तुतः प्रथम तीर्थपतिः प्रमोदात्,
श्रीमद् यशोविजय वाचक पुंगवेन ।
श्री पुंडरीक गिरिराज विराजमानो,
मानोन्मुखानि वितनोतु सतां सुखानि ॥

શ્રી વીર નિર્વાણ સ્તવન

વૃષભ જીણંદ વિમલ ગિરિ મંડણ, મંડણ ધર્મધૂરા કહીએ (એ રાગ)

શ્રી વર્ધમાન માન પ્રભૂતું, માન ત્યાગ કરી હું માનું
નિર્માની પ્રભૂતા. પ્રભૂ તારી તણું માન ના જાણું. શ્રી વર્ધમાન ૧

ગુણ ગાન કરૂં પ્રભૂ ધ્યાન ધરૂં હું, જ્ઞાન દાન પ્રભુ તું દીરયો;
મુજ મનમેં ઠરીઓ, સ્વામી ગીરૂઓ ગુણ ગંભીર ભરીયો.
શ્રી વર્ધમાન. ૨

ભાણ જગત કે જન જાણુત તુજ, મુજ મન સ્ફટીક રતનખાણી;
રીત અબમેં પ્રીછાણી, નમું તરણ શરણ ચરણ જ્ઞાની.
શ્રી વર્ધમાન. ૩

અખિલ ભરત નરતાર તું ભાખ્યો, ટાળ્યો સંશય જગજન કેરો;
તેરો રૂપ જબ ધાર્યો, સ્વામી ભાસ્યો ભરત સબ અંધેરો
શ્રી વર્ધમાન. ૪

દીપ અધ [illegible] કરણરૂપ, અનુપ ધરી જન મન ઠારે;
ભાનુ તિમી[illegible] [illegible]રે, ચક્ષુ કાજ ભમર કદી ના સારે.
શ્રી વર્ધમાન' ૫

આધક અહિ[illegible] નરતનું વિચારૂં, નાયક અભાવ અનંગ થાવે;

મુજ અંતરમાં દાઝું, સ્વામી ધૂર્તો પ્રપચી બહુ પ્રગટાયે.
શ્રી વર્ધમાન. ૬

અનેક અભિમાની અભિલાષી, સ્વાર્થી અર્થ અનર્થ કરે;
ડરેના ભવ ભયથી, તે બૂડે બૂડાવે અધમની પરે.
શ્રી વર્ધમાન. ૭

શુદ્ધ સિધ્ધાંત આગમ અનુસારી, પ્રભૂ દો મતિગતિ સુધારી;
તારા સેવક સીઝતો, સ્વામી પદ તારક ધરો ઉપગારી.
શ્રી વર્ધમાન. ૮

કુપંથી પંથ દીલસેં ત્યાગી, કાચ દૂર કરી રત્ન ગ્રહ્યો;
મુનિ રત્ન કૃપાથી, મેં જૈન સિધ્ધાંત હૃદયમેં લહ્યો.
શ્રી વર્ધમાન ૯

શ્રી શાંતિનાથ જીન સ્તવન

ગીરૂઆ ગુણ વીરજી ગાઇશું ત્રિભુવનરાય. (એ દેશી)

પ્રણમી પ્રીતે પાય પ્રભુજી, રીઝી સુણો દિનવાણ,
સેવકને આપો મતિજી, જેથી પામું તત્વ જ્ઞાન.
શ્રી શાંતિ જિનેશ્વર શાંતિ તણો તું દાતાર. ૧

જ્ઞાનથી અજ્ઞાની તણાજી, સંશય દૂર સવિ થાય;
સ્વાર્થી કપટી અનર્થીનાજી, અંતર ભેદ જણાય. શ્રી શાંતિ ૨

કંઈ નિશ્ચય પકડી રહ્યાજી, વ્યવહાર વાત અજાણ;
તત્વ તે નર પામશેજી, જ્ઞાની વચન જે પ્રમાણ. શ્રી શાંતિ ૩
જ્ઞાની તણા વિચ્છેદથીજી, કોણ કહે નિશ્ચય વાત;
દુઃખમ પંચમ કાળમાંજી, વ્યવહાર કરે અવદાત. શ્રી શાંતિ

આત્મજ્ઞાન બાના મિષેજી, પોષે પુદ્ગલ વિચાર.
મોહ ઇંદ્રિ રસ વશ પડીજી, કાળ ગુમાવે ગમાર. શ્રી શાંતિ ૫

નિશ્ચય પક્ષ હૃદયે ધરીજી, આગળ કરો વ્યવહાર;
તિર્થંકર જાણે છતાંજી, ધરે મન એહ આચાર. શ્રી શાંતિ ૬

અનેક મત આ કાળમાંજી, સ્વચ્છંદી રોપે માનકાજ;
ભોળા અણસમજુ જનોજી, ભોળવાયે જિન રાજ. શ્રી શાંતિ ૪

સ્યાદ્વાદ મત શુધ્ધ મનેજી, આદર્યો તવ કૃપાળ,
સદૈવ સેવન એહનુંજી, હોજો સવિ ક્ષેત્ર કાળ. શ્રી શાંતિ ૮

લળી લળી માગું દ્યો પ્રભૂજી, દયા કરી સમ્યગ્‌જ્ઞાન;
રત્ન સુગુરૂ સેવા થકીજી, મગ્ન મગન મન માન. શ્રી શાંતિ ૯

શ્રી સુવિધિનાથ જીન સ્તવન

(આદ્યાક્ષરી)

અજિત જીણેશ્વર ચરણુની સેવા હેવાએ હું હળીઓ વાહલા મારા.
એ રાગ

સુભવિધ્યાયક શુભ ગતિ દાયક, શુધ્ધમતિ પ્રણુમીએ પ્રભુજી
રમી સુવિધિ નમી મન ગમીએ, સંસારે નવિ ભમીએ ભવિજન
કૃપાળુ દીલધાર જગત ધણી, દિનબંધુ દિનતાર,
સારસદા ચિતગ્રાહી. પ્રભુજી કૃ. ૧

ચંદ્ર વિના રાત્રિ નવ શોભે; રજની વિના નવ ચંદ્રાવહાલા મારા;
દર્શ સ્પર્શ તુજ મુજને દીપાવે; મુજ વર તુમ જીણંદો.
કૃપાળુ. ૨.

ભાનુ સ્વતેજ સર્વને દીયે નિત્ય, તો પણ ખુટી નવ જાયે વહાલામાર,
ઈશ્વરે અલ્પ તું સુખ દીયે મુજ, શું ન્યૂન તવ કાંઈ થાયે પ્રભુજી
કૃપાળુ ૩.

પુરૂષો-તમ તું બુદ્ધ તું બ્રહ્મા, શંકર જગ સુખકારી
બહુ ભવ ભમતાં વાંછીત ફળીઓ, બળીઓ ભવ ભયહારી
પ્રભુજી. કૃ. ૪

દાયક શીવ સુખ લાયક સ્વામી, નામી ચીદાનંદ પામી.

વહાલા મારા

બીલવે નીરંજન અંતરયામી, સુધા વૃષ્ટે શું ખામી

પ્રભુજી. કૃ. ૫.

ચુલુક[1] મધ્યે મણી લપટાયો, રક્ષા[2] તલે અંગારો

વહાલા મારા

છટા રત્ન આતીમ અજાણી, ઉત્તમ જૈન પંથ ન્યારો

પ્રભુજી. કૃ. ૬

કૃપાળુ દીલધાર જગત ધણી, દિન બંધુ દિન ધાર સારસદા

ચિતગ્રહી

વિહરમાન જીન સ્તવન

સાંભળજો મુની સજમ રાગે ઉપશમ શ્રેણે ચઢીઆરે એ રાગ.

આદ્ય કડી

મન માન્યું મન મોહન મૂર્તિ, વેહુરમાન જિન દર્શાલેવારે;
ગગન ગામિની લબ્ધીવંત દેવા, પુણ્યે પામે સેવારે ૧

---

૧. ચુલક–કાદવ. ૨. રક્ષા–રાખ.

નમન વંદન પૂજન સ્તવનાથી. આત્મ શુદ્ધિ નિત્ય ધરતારે;
ભાવિક ભવ્યો ભાવે ધ્યાયી, ભવ ભ્રમણ દૂર કરતારે. મન. ૨

ઇંદ્રિય સુખ ઇચ્છા મનો વાંછા, બુધ જન મોક્ષના કામીરે;
પ્રબળપણે પ્રજાળી મૂળથી, ગુણસ્થાને વીસરામી રે મન. ૩

તારક સમરણ નાથ શરણ તુજ, મુજ આધાર ન દૂજોરે;
પરમાતમ પરમેશ પરમ પદ, દાતા પ્રીતે પૂજો રે મન. ૪

ચંદ્ર રવિ મેહ ગુણ સમુદાયો, આત્મ મંદિરે બીરાજેરે;
દર્શન પ્રગટ પ્રત્યક્ષ અનુભવવા, નેણ તરસે સુખકાજેરે મન. ૫

ચુકશો નહીં ચતુરા મનુ પ્યારા, સમતા સમાધિ આદરવારે;
છદ્મસ્થ જનરત્ન જ્ઞાન પ્રદીપો, પ્રાતઃ સીમંધરસદા
સ્મરવારે મન. ૬

સામાન્ય સ્તવન.

(રાગ ખમાયરી જીલ્લો)

આદ્યાક્ષરી

મોર મન મેહ શું મહા માન્યો, જાણ્યો જગ બંધુ તું જ્યોરે
મોર (ટેક)

તિમીર રૂપ અજ્ઞાન નસાવી, જ્ઞાન વૃષ્ટિ વર્ષાવીરે;
ચંપકવન ચંપે ખીલાવ્યું, ધર્મ પુષ્પ દર્શાવીરે મોર ૧

દક્ષી પુરૂષ પુષ્પે લપટાયા, સુભાગી એ રસ લીનોરે;
મગન મગન મનમાં માચીને. અમૃત પ્યાલો પીનોરે મોર. ૨

લૂણ લેશ ક્ષીરે મલવાથી, પુષ્પ અલ્પ હીંગ પાસેરે;
કલ્પતરૂ સમ સમકિત પામ્યો, શંકે ચિત્ત તવ નાશેરે મોર. ૩

ચંદન શિતલતા પ્રગટાવે, સદ્ વસ્તુ મન રંગેરી;
દમી કામ-ક્રોધ-મોહ-માયા, રમી રમણી શિવસંગેરી મોર. ૪

ચુડ સર્પે જીમ દર્પે લગાવી, દ્રઢ પ્રીતિ ધર્મે ધારેરે;
છન્દ કપટ કુફંદકું છંડી, ભંડી કર્મ ભવપારીરે મોર. ૬

સમતા સત્વ સદા સંગ રાખી, મમતા મંદીરમાં મામહાલોરે;
સુખ અચળ પ્રસારક પામો, રત્ન મુજ મન મહા વ્હાલોરે મોર. ૬

સામાન્ય સ્તવન

હમકું છાંડ ચલે બન માધુ એ રાગ.

આદ્યાક્ષરી

પારગામી અબ પાર પમાડો, પ્રભુજી પૂરણ પ્રીત ધરીરે-ટેક.

નાથ અનાથ તું શરણે આયો, નાયક તું વીણ ના કો કર્યોરે;
ચંચલ મન પ્રેમે લપટાયો, પ્રેમ પાસમાં મન ભર્યોરે પા. ૧

દયાળુ દાયક દીન બંધુ, દીન કીંકર કર આપ ગ્રહોરે;
ફુલ કમલ વાસે મનવસીઓ, રસીઓ ભ્રમર સમ મુજ
લહોરે પા. ૨

લક્ષણ સ્વામી જબ તવ ભાળું, તવ અન્ય મનશ્યું નાહી ઠરેરે;
ચંદ્ર જ્યોતે રજની પ્રકાશે, તારકશે કો કાર્ય સરેરે પા. ૩

દયા સ્વામી જો મન માચે, રાચે નીજ ગુણમાં રમનાં;
ચુર્ણ કરી પૂર્ણ પાપનો દળીયો, દુર નીવારે ભવ ભ્રમનારે પા. ૪

છત્ર જૈન શાસન જબ છાજે, અષ્ઠ કરમ ઝટ નષ્ઠ કરેરે:
સરસ પ્રસારક તારક લીનો, રત્ન પ્રતાપે વાંછયવરુરે પા. ૫

શ્રી સુવિધીનાથ સ્તવન.

આદ્યાક્ષરી

(માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે અથવા સીતાજીના મહિનાનો રાગ)

નવમાં સુવિધી જીણંદ પ્રભુને પ્રણમો પ્રીતશ્યું,
રીત ધર્મ તણી બતલાવો દીનાનાથ:

ગીરામૃત વૃષ્ટિથી અંતર તૃષા સમાવશો,
લાવી કરૂણા કીંકર ઝાલો હાથ. નવમા ૧

નમી રામા સુગ્રીવ નંદ માગું એટલું,
કુપંથ વરતાયા જે જગગય મોઝાર,
ભારત ભાર ભુમિ ભૂત ધુર્ત સવી વિનાશ જો,
શુદ્ધ સુદેવ સુગુરુ સુધર્મો જય જયકાર, નવમા ૨

ઇક્ષુ રસ અભિલાષી અન્યે કેમ રુચશે,
નીચ મરકટ રાચે માચે મદીરા સંગ,
મન્દ બુદ્ધિ પ્રાણી પડે કુગુરુ ફંદમાં,
સુજ્ઞ સમ્યગ્ મતિનો જીનધર્મે દૃઢ રંગ નવમા ૩

છુટી આધિ વ્યાધિ ઉપાધિ સુગુરૂ જોગથી,
પામી નીર્મલ ધર્મ તત્ત્વની શુધ્ધ છાપ,
ભાળી દર્પણ જ્ઞાને આત્મ શુદ્ધ સ્વરૂપને,
જોડયો પરમાતમ શુ અવિચળ પ્રેમમિલાપ નવમા ૪

ઈતી ઉપદ્રવ પ્રભાવીક પ્રભુના નામથી,
દૂર જાયે દર્શનથી અનાદિ રોગ,

ચુલુક કર્મ ચોંટયો જે જીવ અસંખ્ય પ્રદેશમાં,
  ગુણ સ્તવતાં ઉખડે મળના થોકે થોક. નવમા ૫

છલ છલન ભરીઓ આ સંસાર કુપમાં,
  તે વિષે પડીઓ હું નિસ્સાર નિરાધાર,
સબળોદ્ધારક સિદ્ધી-દાયક સુવિધી મળ્યો,
  રત્ન તુ વિણ કુણ ધાશે મુઝ વ્હાર. નવમા ૬

—(૦)—

વસંત વર્ણન.

આદ્યાક્ષરી

રાગ-વસંત

વર્ણું વસંત મનોહારી, ઘટાઘટ પ્રાણમે ન્યારી. વર્ણું ટેક
મધુમાસ મધુમદથી મનમાંરે, માનુષ્ય મદને ઉતારી,
લલુતા પુષ્પ મધુકી છાંડો, જ્ઞાન મધુસે ચારી,
  ધરો મદ જસ સુખકારી વર્ણું ૧

ચંદન વૃક્ષે લત્તા લપટાઇ, સ્નેહ પુરે રંગધારી,
દક્ષીણ દાક્ષીણ્યતા દર્શાવો, સંજમ સ્ત્રી કર પ્યારી

સવિ પ્રેમ અન્ય નીવારી વર્ણ ૨

ભાળી ભલા ભ્રમરને ભમતો, ઉત્તમ પ્રીયરસહારી,
ઈ છી ! વસ્તુ ભાવથી ભાવી, વૈરાગ્ય રસ વસનારી
આતમ ચિન્ત હિત વિચારી વર્ણ ૩

ચંચળ કોયલ ટોકા મધુરી, મંજરીસ્વાદ ઠ્યું ધારી,
દર્શ સ્પર્શ સબ હર્ષથી કીનો વાણીવીર વિચારી,
પ્રગટ કરો વીર્ય અપારી વર્ણ ૪

ચુંબન ચતુર ચીદાનંદ કેરૂં, ચરણ કમલ હિતકારી,
છત્ર સર્વત્ર પ્રસન્નજો સ્વામી. દયામૂલ ધર્મ સ્વીકારી
માનું હું સપૂર્ણ અવતારી વર્ણ ૫

મધુ માસ=ચૈત્ર (વસંત) માસ ઘટા=વસંતની ખુબસુરતી પુષ્પમધુ=ફુલની અંદર રહેલું મધ અથવા મીઠાશ. મંજરી= આંબાનો મ્હોર.

શ્રી સીમંધર સ્વામીને વિનંતિ.

મંગલાચરણ. દુહા.

પ્રણમી સુગુરૂ પય કજ, કરૂં સુદેવ પ્રીછાન;
તસ પ્રણીત સુધર્મ જે, આદર કરૂં પ્રમાણ. ૧.

ધર્મ છે હોય પ્રકારનો, શ્રમણ શ્રાવક સુ વિશાળ;
શ્રમણ ધર્મ અતિ દુલ્લહો, વન્દના કરૂં ત્રિકાલ. ૨.

શ્રમણ ધર્મને યોગ્ય હું, થઇશ કયારે ? અભિલાષ;
સ્વામી સીમંધર વિનવું, પ્રીતે કરો પ્રકાશ. ૩.

પ્રથમ પ્રયત્ન કરૂં પામવા, શ્રાવક શુદ્ધાચાર;
શાસ્ત્રાગમથી જાણીએ, સવિસ્તર અધિકાર. ૪.

શ્રાવક ગુણ તપાસતાં, પામું ન એકે પાસ,
મન મુઝામણમાં પડે, વર્તે અતિહ ઉદાસ. ૫.

કેટલા કાળથી રડવડું, કહેવા કોન સમર્થ;
કયારે પામીશ મોક્ષ હું, એજ પામનો અર્થ. ૬.

જ્ઞાની સન્મુખ જઈ વસું, સંશય દૂર પલાય;
મારગ શુદ્ધ આરાધતાં, ભવની ભાવઠ જાય. ૭.

ઢાળ ૧.

(મારાં નાથજીરે લોલ. એ દેશી)

સ્વામી સીમંધર ચરણનું શરણ, લઈ હું સંચરૂરે લોલ;
જિનજી પ્રત્યક્ષ મુજ મન ભેદ, વિચાર પ્રગટ કરૂંરે લોલ. ૧.

જિનજી દ્રવ્ય મમતા સ્ત્રી આદિક, પ્રેમ પાસે ફસ્યોરે લોલ:
જિનજી રસ ઈન્દ્રિ વશવર્તી, માન મદે ગ્રસ્યોરે લોલ. ૨.

જિનજી એ મોટાં ચાર અનર્થે, મનડું જઈ વસેરે લોલ,
જિનજી પ્રબળ પ્રયત્ને વાર્યું, કેમે નવિ ખસેરે લોલ. ૩.

જિનજી સર્વ અનર્થનું મૂળ, જે દ્રવ્ય મમતા ધરે રે લોલ;
જિનજી અનેક પ્રપંચ પ્રકાર, રચી સચય કરેરે લોલ. ૪.

જિનજી ધન લલુતા માં ન જોઈ, દિવસ કે રાતડીરે લોલ.
જિનજી સહ્યા અતિ તાપ અને ટાઢ, સ્થિરતા ન એક
ઘડીરે લોલ. ૫.

જિનજી ન ગણ્યાં બાંધવ માતકે, તાતને બેનડીરે લોલ,
જિનજી ધન પર એહવી અવીચલ, પ્રીતડીકિમજડીરે લોલ. ૬.

જિનજી ન જોયાં દીન અનાથકે; સ્નેહી નિર્મળારે લોલ;
જિનજી ન લહ્યા પર્વના દિન કે, સહધર્મી ભલારે લોલ, ૭.

જિનજી ન ધર્યું તોલ ને માપ કે, સાચને જૂઠડુંરે લોલ,
જિનજી ન ગણ્યું પુણ્યને પાપ, હૈયું કર્યું ધીઠડુંરે લોલ ૮.

જિનજી ભોળા વિશ્વાસુ જનકે, કપટે ભૂલવ્યારે લોલ;
જિનજી ધન લોભાંધ બનીને, અનેકને દુહવ્યારે લોલ. ૯

જિનજી ન ગણી અનામત થાપણ, પડયું જડયું કે ધર્યુંરે લોલ,
જિનજી ફાવ્યું ત્યાંથી હાથ, કરી ધન સચર્યુંરે લોલ. ૧૦

જિનજી ન આદરી નીતિની રીત કે, મન જાણે ઘણુંરે લોલ;
જિનજી ધનની કેફમાં ભાન, ગયું કૃત્યાકૃત્ય તણુંરે લોલ. ૧૨

જિનજી ન્યાય રહિત ઉપાર્જિત, કોડી નવિ ઠરેરે લોલ;
જિનજી અનુભવ સિદ્ધ આ વાત, છતે પાછો પરેરે લોલ. ૧૧

જિનજી ધન તૃષ્ણા કરું શાંત કે, પુષ્ટ થઇ તે દમેરે લોલ;
જિનજી તૃપ્તિ નહિ કો કાળ કે, આરતો નવિ સમેરે લોલ. ૧૩

જિનજી ધન વૃદ્ધિથી ભોગ, વૈભવ ઇચ્છા, રમેરે લોલ.
જિનજી તે ભવ સંતતિ કારણ, ભાખ્યું તુજ આગમેરે લોલ. ૧૪

જિનજી હવે તુજ શરણ પ્રભાવે, દ્રવ્ય મૂર્છા ટળીરે લોલ,
જિનજી રત્ન મંદીર મન માંહે, વસે આશા ફળીરે લોલ ૧૫

ઢાળ ૨ ૭

(કેસરીઆજી અરજ સુણોને હમારી-એ દેશી)

સીમંધર હૃદય મંદીરમાં પધારો, નાસે દૂર અધમ મલિન વિચારો
સીમંધર—ટેક.

બીજું મોટું અનર્થ જે સ્ત્રી પ્રેમ પાશ; બુદ્ધિવંત
સમજે સ્વરુપ તે જાસ,
કરે હિત કારણ ગ્રંથ પ્રકાશ.-સીમંધર. ૧

સ્ત્રીઆદિક અંગ ઉપાંગને નીરખી, વિમૂઢ જન રાચે
જોઈ જોઈ હરખી,
પાછળની ગતિ નહિં મુરખે પરખી-સીમંધર. ૨

અંતરથી માને સ્ત્રી દુઃખ વિરામ, લહે મોટું સંસાર
સુખનું ધામ,
ચિંતે નહિં થાશે શા પરીણામ-સીમંધર. ૩

સંસાર સ્વરૂપ યથાવિધિ ધ્યાતા, નથી કોઈ સ્થાન કિંચિત
સુખદાતા,
નથી પળભર યથારથ સુખ સાતા-સીમંધર. ૪

કોઈ કહેશે અસંખ્ય દ્રવ્યનું મળવું, સુંદર સદ્ગુણી
પ્રમદાનું ભળવું
પુણ્ય યોગે આધિ વ્યાધિનુ ટળવુ-સીમંધર. ૫

વળી રૂડી બુદ્ધિ વિદ્વત્તા પ્રકાશે, વિવેકી પરાક્રમી
પરિવાર પાસે;
કહો પછી તેને દુઃખ શું કહેવાશે–સીમંધર. ૬

સુખ ખરૂં પરમ આનંદ વિલાસ, શાશ્વત અવિકૃત
અખંડ ઉજાસ.
જ્ઞાનીએ વર્ણવ્યું જ્ઞાન પ્રકાશ–સીમંધર. ૮

પધારો લળી લળી વિનંતી કરું છું, હૃદય મારૂં આપને
વસવા ધરૂં છું;
વસો એક વાર તો ધાર્યું કરૂં છુ.–સીમંધર. ૯

ભાખું હવે પ્રેમ મતિનું વિરૂપ, નારી સ્નેહ સંધ્યા રંગ અનુપ;
આતમ રત્ન બોધે પ્રગટ એ સ્વરૂપ–સીમંધર. ૧૦

ઢાળ ૩ જી
(ચતુર નર મ કરીશ માયા લગાર–એ દેશી)

નિપુણ ભવ્ય તુમે સાંભળોજી, વિવેકી નર નાર;

માર અસહ્ય છે રાગનોજી, મોહ ઉત્કૃષ્ટ અશ્વાર, ચતુરદક્ષ
પ્રેમ સ્વરૂપ વિચાર, ચિત્તથી તું દૂર નિવાર–ચતુર. ૧

પ્રાંતે અતિ દુઃખદાય, કડુઆ વિપાક અવધાર્ય—ચતુર. ટેક.

પ્રેમે મોહિત જે જનાજી, પ્રાયે કાર્ય શૂન્ય ચિત્ત;
ચિંતવન એક પ્રિય વસ્તુનુંજી, ન સુઝે માર્ગ સુરીત—ચતુર. ૨

પ્રિય સંપ્રાપ્તિ કારણેજી, પ્રથમ મથન એક મન્ન;
વેઠી વિપત્તિ આકરીજી, તન વળી વ્યય ધન—ચતુર. ૩

યુક્તિ પ્રપંચ સંચય રચીજી, વિઘ્નભૂત જે પ્રકાર;
દૂર કરે શકિત બળેજી, ચિંતે વિનાશ વિચાર—ચતુર. ૪

ચિંત્ય વસ્તુ નિજ વશ થયેજી, નિત્ય દરિશણ આતુર;
રાચી મીલાપે જીવડોજી, માને આનંદ પુર—ચતુર. ૫

દશા ઉન્માદ પ્રગટ થયેજી, અરૂચી ઉપને સવિ કાર્ય,
વિનોદ પ્રસંગે દિલરુચીજી, વિરહે દીલ દુઃખાય—ચતુર. ૬

પ્રેમ મદાંધ વિકૃત મતીજી, દેખે જગ સવિ અંધ;
ગંધ ન ચાહે અન્યનીજી, બાંધે તીવ્ર કર્મ બંધ—ચતુર. ૭

બુધ્ધિવંત બુધ્ધ બળેજી, પ્રેખો યથાર્થ એ ભેદ,
જે સંયોગે દિલ રમ્યોજી, તે જ વિયોગે પૂર્ણ ખેદ—ચતુર. ૮

વળી વિચારો વિચક્ષણાજી, અથિર સંયોગ સ્વભાવ;
આજ બન્યો કાલ વિણસેજી, મિથ્યા પ્રેમ મુંઝાવ—ચતુર. ૯

સુજ્ઞ સમ્યગ્ દ્રષ્ટિ ધરેજી, પણ રાગે ન લેપાય,
એમ રંગ વૈરાગ્યનોજી, રત્ન વચન સુખદાય-ચતુર. ૧૦

ઢાળ ૪થી

નારી સ્નેહકૃત્રીમતા (સઝાય તરીકે)

(તપ ઉજમણું રે. એણી પેરે કીજીએ.-એ દેશી)

ધિગ્ ધિગ્ કૃત્રિમ નારી સ્નેહને, પંડિત કરેરે પીછાન,
મુખ મધુર વચન મધુ સારીખા, હૈયું કપટની ખાણ-ધિગ ૧

પ્રેમ દયા ભરી દૃષ્ટે ભૂલવે, પ્રીતમ કરીને પોકાર,
પાડે પુરુષને મ્હોટા દુ:ખમાં, નિર્દય કઠોર વિચાર.-ધિગ ૨

સ્વાર્થ આધીન મતિ રતી અંતર નહીં, દાખવે પ્રીતિ અપાર;
જાણે સતી પતિ પર ભક્તિવતી, ગુણ ધરે ચિત્ત ન લગાર-ધિગ ૩

જ્યાં લગી મન માન્યું મળતું રહ્યું, ઇચ્છા તૃપ્તિ પૂર્ણ યોગ;
વર્તે સ્લુણી નિર્મલ પ્રીતવતી, આજ્ઞા આદર ચુતભોગ-ધિગ ૪

પણ જબ પ્રીતમ ઇચ્છા પ્રતિકૂલો, વર્તિ કલ્પ્યો મનમાંહ્ય;
ચોત પ્રકાશે સુંદરી પોતાતણું, પરીક્ષા પત્ની ગુણ ત્યાંય-ધિગ. ૫.

નયણુ કટાક્ષે ભીતર નર ભેદતી, બાહ્ય હાવભાવ અનુકૂલ;
ન્યાય મતિહિણુ વિવેક શુન્યતા, ચિત્તવ-ર્તે પ્રતિકૂલ-ધિગ. ૬.

એહુવા કૃત્રિમ પ્રેમના પાશમાં, વિમૂઢા જન લપટાય;
વિબુધ વિચક્ષણુ તીક્ષણુ બુદ્ધિથી, સમજી લક્ષણુ દૂર થાય
ધિગ. ૭.

વેશ્યાદિ પરનાર સ્નેહના મોહમાં, મૂંઝયા તે જાતે ખુવાર;
ધન-યશ વિણસે રે ઇચ્છે ન સંગતિ, સ્નેહિ સજ્જન નરનાર
ધિગ. ૮.

ચુકયો નર જે પડયો એ ફંદમાં, ચતુર નહીં તે ગમાર.
છન્દ બુરો એ આદરે મન્દમતિ, રત્ન વચન ચિન્તધાર,-
ધિગ ધિગ કૃત્રિમ નારી સ્નેહને. ૯.

ઢાળ ૫ મી.

(“ વંદો કેવળ જ્ઞાન ”-એ દેશી)

જગ બાંધવ પ્રભુ જગધણીરે, જગ વત્સલ જગભાણુ;
કૃપાનિધિ કરૂણા કરીરે, દાખો સુમાર્ગ સુજાણુરે-જિનજી.
અવધારો મુજ વાત; સ્વામી સીમંધર તાતરે જિનજી
ઉધ્ધરો સેવક જાતરે-જી-ટેક ૧.

કેવળ જ્ઞાને પ્રગટ સહુરે, હૃદય રહ્યા મુજ દોષ;
વર્ણી શકું ના વાણીથીરે, લાજું કહેતાં અઘ પોષરે-જિનજી.
અવધારો. ૨.

ચાર અનર્થ જે મોટકારે, દ્રવ્ય[૧] મમતા સ્ત્રીસ્નેહ[૨];
રસનેંદ્રિય[૩] વિષયે મચ્યોરે, માન[૪] અભિલાષા ધરેહ રે
જિનજી અવધારો ૩.

પ્રથમ એ સ્વરૂપ પ્રકાશીયુરે, રસ ઈન્દ્રે વિષય વિચાર;
રસના લોલુપી જીવડોરે, જુએ ન સાર અસારરે જિનજી. ૪

ભક્ષ્ય-અભક્ષ્ય ન લેખવે રે, વિષય પુષ્ટિ એકતાન;
રસનેંદ્રિ વશ પ્રણીયારે, ભાંગે વ્રત પચ્ચખ્ખાણરે
જિનજી અવધારો ૫.

વાસી વિદલ બોળ સ્વાદમાંરે, ગૃધ્ર બની આતુર;
રાત્રિભોજન નિર્ભયપણેરે, પાપારંભ મન દૂરરે-જિનજી. ૬.

અનંતકાય ન ચિંતવેરે, સાધારણ પ્રત્યેક,
સ્વાદ મઝામાં ઘુમતોરે, ન કોઈ વાતનો ટેકરે-જિનજી. ૭.

તત્વ વિચારો માનવ પણેરે, મન ધરી કાંઈ વિવેક;
પરિણામે ભોજન સવિરે, કંઠ હેઠે એકમેકરે જીનજી. ૮.

તિર્યંચાદિગતે ભુખ તૃષેરે, ભમ્યો અનંતી વાર;
તેમ ભીખારૂં માંગણુ પણેરે, લીધાં અનીષ્ટ આહારરે જીનજી. ૯

સુઝ આહાર લે ભક્ષ્યનોરે, દેહ ધારણ નિમિત્ત,
રસ-વિરસ જે પામીયોરે, સેવે નિઃશકત ગુણવિત્તરેજિનજી. ૧૦

વસ્તુ સ્વભાવ વિચારતોરે, અનાદિ સેવન કાળ,
પરીણામે સુખ દે સદારે, આદરૂં તે ઉજમાળરે-જિનજી ૧૧.

તુજ આગમથી ઓળખ્યોરે, કિંચિત્ વસ્તુ સ્વભાવ;
રત્ન વચન મન મંદીરેરે, માગું બન્યો રહે ભાવરે-જિનજી. ૧૨.

ઢાળ ૬.

(વિમળાચળ વિમળા પાણી. એ દેશી.)

શ્રી સીમંધર તારૂં ધ્યાન, પ્રાતઃકાળે સ્મરણ ગુણખાણ;
નિત્ય ભકતે સ્તવું જગભાણ,
પ્રભુજી વિનંતિ અવધારો; દીયો પ્રત્યક્ષ દર્શન પ્યારો-પ્રભુજી. ૧.

ધન્યભાગ્ય "વિદેહ" નરનાર, ક્યારે પામું હું ત્યાં અવતાર;
હોંશ મનમાં ઉઠે વારંવાર-પ્રભુજી. ૨.

તુજ દેશનામૃત જે વર્ષે; તે સુણવા સદા મન તરસે;
કેવળ જ્ઞાની વચન કર્ણ સ્પર્શે.-પ્રભુજી. ૩.

સમવસરણની રચના ભાળું, બાર પરિષદા નજરે નીહાળું;
અઘદુરિત અંચય સવી ટાળું-પ્રભુજી. ૪.

માન સુભટ તણું જોર ભારી, ચોથું અનર્થ સ્વરૂપ વીચારી
માનવૃ-તો માનવ દુઃખકારી.-પ્રભુજી. ૫.

"રિપુ દારૂણ" ચિત્ર વિચાર, ઉપમિતિભવ પ્રપંચે સાર;
થયા હાલ શા મૂઢ ગમાર-પ્રભુજી. ૬.

તુજ વાણી રહસ્ય ન જાણે, જગ અખીલમરાચું માને
માન ભંગ તો મૃત્યુ જાણે.-પ્રભુજી. ૭.

માન અભિલાષા દૂર નિવારો, કટ્ટો શત્રુ જગ મારણહારો;
રત્ન આતમ ભવનિધિ તારો.-પ્રભુજી. ૮

ઢાળ ૭. મી

સ્તવન તેમજ સઝાય તરીકે કહેવા યોગ્ય છે

(સાંભળજો મુનિ સંજમ રાગે ઉપશામ શ્રેણી ચઢી યારે એ દેશી.)

સ્વામી સીમંધર ભક્તે વીનવું, ભ્રમ ટાળી સમ આપોજી;

નાથ અનાથ સનાથ કરીને, મમતા વિષમતા કાપોજી.
સ્વામી-૧

કમનશીબે હું દૂર વસ્યો છું, મમતા પાસે રહ્યો ફસીઓજી,
સમતા મંદીર સ્વરૂપ ન પ્રેખું, યમ નિયમે નવિ રસીએજી.
સ્વામી-૨

જમ માથે તો ઝુમી રહ્યો પણ, ઇંદ્રી દમે નવી જાગ્યોજી.
શ્રમ સઘળો સંસારે જોડયો, ધર્મ કાર્યે નવિ લાગ્યોજી,
સ્વામી-૩

આગમ નીગમ સમજ ન પામું,વિભ્રમ તમથી ભમીયોજી:
મારગ શુદ્ધની ગમ નથી પડતી, અગમ પારગે નિત્ય રમીયોજી
સ્વામી-૪

અનુકૂળ વિષયે પ્રીત ધરીને, પ્રતિકુલે અતિ કોપ્યોજી;
બંને સ્થાનકે કર્મના ભારા, વહી જિન માર્ગને લોપ્યોજી.
સ્વામી-૫

વંદકને પાસે બેસાડી, નિંદકને ખુબ દમીયોજી;
રાગ દ્વેષ એ ભાવન સમીયો, કર્મ મલ કદી નવ વમીયોજી.
સ્વામી-૬

ઠકુરાઇ પામી મન મલકાયો, ચાકરીએ અતિ શોભ્યોજી;

સુખ દુઃખ વેળા સમ પણે ગાળે, ધન્ય તે ધર્મી પુરૂષોજી.
સ્વામી-૭

વિદ્વત્તા બુદ્ધિયોગે મદ લાવી, મૂરખ અભણુને હસીયોજી;
રંકાદિક પક્ષપાતે વિછોડી, ધનવાન પક્ષે ધસીયોજી.
સ્વામી-૮

સમપણું દાખો સમ કરી માનો, સકલ સંસારના ભાવોજી;
"કર્મ વિપાક જોગે બને છે સવિ" એ વાત નિત્ય ચિત્ત લાવોજી;
સ્વામી-૯

સકલ સિદ્ધાંતનું મૂળ જે કહીએ, ધર્મ રહસ્ય જે સાચું રે;
પરમ દયા ગુણ કદી ન વીસારી, સમ ભાવે નિત્ય રાચું રે.
સ્વામી-૧૦

દેવાધિદેવા તુમ પદ લેવા, સમપદ સેવા અહમેવાજી;
કહેવા વાર જુઓ શું દેવા, પરમાનદ સુખ મેવાજી.
સ્વામી-૧૧

ફરી ફરી માગું ભાગ્યે એક વેળા, સ્વામી સ્વરૂપ નજરે ન્યાળુંજી;
આતમ રત્ન પ્રતાપે પ્રભુજી, કર્મ સંચય સવિ ટાળુંજી.
સ્વામી-૧૨

આઠમી ઢાળ પાને ૧૯ મે (ભગવાનના દર્શન થતાં આનંદ સહિત પ્રતિજ્ઞા સ્તવન) છપાઇ ગઇ છે.

* અથ શ્રી ચાર શરણાં.

(એ ગુણ વીર તણો રાગ)

મુજને ચાર શરણાં હોજો, અરિહંત સોદ્ધ સુસાધુજી;
કેવળી ધર્મ પ્રકાશીઓ, રત્ન અમૂલખ લાધુંજી.–મુ. ૧

ચઉ ગતિ તણા દુ:ખ છે દેવા, સમરથ શરણાંએ હાજી;
પૂર્વે મુનિવર જે હુઆ, તેણે શરણાં કીધાં તેહોજી.–મુ. ૨

સંસાર માંહે જીવને, જાણો સમરથ શરણાં ચારોજી;
ગણી સમય સુંદર એમ કહે, કલ્યાણ મંગલકારોજી.–મુ. ૩

(ગિરૂઆરે ગુણ તુમ તણા રાગ)

લાખ ચોરાસી જીવ ખમાવીએ, મન ધરી પરમ વિવેકોજી;
મિછામિદુકકડંદીજીએ, જિન વચને લહીએ ટેકોજી.–લા. ૧
સાત લાખ ભૂદગ તેઉ વાયુના, દશ ચૌદે વનસ્પતિ ભેદોજી;
ખટ વીગલ સુર તિરિ નારકી, ચઉ ચઉદશ નરના ભેદોજી.–લા ૨
મુજ વેર નહી કોઇશું, સો મિત્ર સ્વભાવોજી;
ગણી સમય સુંદર એમ કહે, પામીએ પુન્ય પ્રભાવોજી.–લા. ૩

જંબુ કહે જનની સુણો.

પાપ અઢારે જીવ પરિહરો, અરિહત સિદ્ધની સાખેજી;
આલોટીયાં પાપ છુટીએ, ભગવંત એણી પેરે ભાખેજી.–પા. ૧

---

*પૂર્વાચાર્યકૃત.

આ શ્રવ કસાય દોય બંધાણા, વલી કલહ અભ્યાખાનોજી;
રતિ અરતિ પૈશુન નીંદના, માયા મોસ મિથ્થાતોજી.-પા. ૨

મન વચન કાયાએ જે કર્યાં, મિચ્છાંમિ દુક્કડં તેહોજી,
ગણી સમય સુંદર એમ કહે, જૈન ધર્મનો મર્મ એહોજી-પા. ૩

ધન ધન તે દિન મુજ કદી હોસે, હું પામીશ સંજમ શુદ્ધોજી,
પૂર્વ ઋષિ પંથે ચાલશું, ગુરૂ વચન પ્રતિ બુદ્ધોજી.-ધન. ૧

અંત પંત ભીક્ષા ગોચરી, રણ વને કાઉસગ્ગ લહીશુંજી;
સમતા શત્રુ મિત્ર ભાવશું સમ્યક્ શુદ્ધો ધરશુંજી.-ધન. ૨

સંસારના સંકટ થકી, હું છુટીશ અવતારોજી,
ધન ધન સમય સુંદર તે ઘડી, તો હું પામીશ ભવનો પારોજી-ધન
ધન ધન તે દિન મુજ કદી હોશે. ૩

સ્તુતિ સમુદાય.

શ્રીસિદ્ધચક્રની સ્તુતિ.

("પુછે ગૌતમ વીર જિણંદા") એ રાગ.

પહેલે પદ જપીએ અરિહંત, બીજે સિદ્ધ જપો જયવંત,
ત્રીજે આચાર સંત.

ચોથે નમો ઉવજ્ઝાયતંત, નમો લોએ સવ્વસાહુ મહંત,
પાંચમે પદ વળી સંત;

છઠ્ઠે જપો દંસણમતિવંત, સાતમે પદ નમો જ્ઞાન અનંત,
આઠમે ચારિત્ર હંત.

નમો વરસ નવમે સોહંત, સિદ્ધચક્રનું અમ ધ્યાન ધરંત,
પાતકનો હોય અંત. ૧.

કેશર ચંદન સાથે ઘસીજે. કસ્તુરી માંહે ભેળીજે,
ઘન ઘનસાર ઠવીજે.

ગંગોદકસ્યું ન્હવણ કીજે, શ્રીસિદ્ધચક્રની પૂજા કીજે,
સુરભી કુસુમ વરસીજે;

કુંદરૂક અગરનો ધુપ કરીજે, કામ ધેનુ ઘૃત દીપ ભરીજે,
અક્ષત નૈવદ્ય ફળ દીજે.

અનુક્રમે નવ પદ ધ્યાન ધરીજે, રોગાદીક દુઃખ દૂર હરીજે,
મુક્તિ વધૂ પરણીજે. ૨

આશોને વળી ચૈત્ર રસાળ, ઉજ્વળ પખ હોવે વિશાળ,
નવ આંબેલ ચોસાલ,
સાડાચાર વર્ષ એ તપ રસાળ, રોગ શોકનો એ તપ કાળ;
વાણી જિનની ભાળ.
જે સેવે ભવી થઈ ઉજમાળ, તે લહે ભોગ સદા અસરાળ,
જેમ મયણા શ્રીપાળ.
છાંડી અળગો આળ પંપાળ. નીત્ય નિત્ય આરાધે ગણુ કાળ,
શ્રીસિદ્ધચક્રગુણુ માળ. ૩

શાસનેદેવી ચંપક દલ કાય, ચાલે ગગને(ઉર્ધ્વ) ઉરધકાય,
હૈયે હાર સોહાય.
કુંકુમ ચંદન પૂજા રચાય, પહેરાને પટ પીતોલી બનાય,
લીલા હી લલકાય,
બાળી ભોગી ચક્રકેસરી માય, જે નર સેવે સિદ્ધચક્રરાય,
દ્યો તેનેસુખદાય,
શ્રી જયવિજય ગુરુ પ્રણુમી પાય, વિઘ્ન સંકટ સૌ દૂરે જાય,
કાંતિવિજય ગુણ ગાય. ૪

શ્રી મૌન એકદશી સ્તુતિ.

દ્વારિકા નેમ સમોસર્યા સ્વામી. કૃષ્ણ વાસુદેવ અવસર પામી;
પ્રશ્ન કરે મોક્ષ કામી,
હે પ્રભુ ! અખિલ વર્ષ મોઝાર, દાખો દીન એક ઉત્તમ સાર,
જસ આરાધન ભવપાર;
તવ ભાખે જીનજિ જગભાણુ, માગશર શીત એકાદશી
કાહુાન, તિથિ શ્રેષ્ઠ ગુણખાન,
મલ્લી જન્મ દીક્ષાને નાણુ, અર દીક્ષા નમિ જ્ઞાન વખાણુ;
પંચ કલ્યાણુક જાણુ.-૧

હવે ક્ષેત્રના ત્રીશ જીનરાય, ગત અનાગત મળી નેવું
ગણાય, દોઢશો કલ્યાણક થાય,
અતિત અનંતી ચોવીશી ભાવો, ઉત્સર્પિણી અવસર્પિણી
ધ્યાવો, અનંત કલ્યાણક ગાવો;
હર અવસર્પિણી ચોવીશીના, અઢાર ઓગણીશ એકવીશ જિન
જીના, તેમ ચાર છ સાત બીજીના;
શાશ્વત તિથિ શાશ્વત સુખ લેવા, પૌષધ મૌન કરી એકાગ્ર
સેવા, અનંત તીર્થંકર દેવા.-૨
જૈન સિદ્ધાંત આગમની વાણુ, તીર્થંકર આયુ દેહનું માન;
ક્રમશઃ ઘટ વધ પ્રમાણુ;

અનાદિ કાળથી ક્રમ એ ચાલે, ચંદ્ર રવિ જેમ નિયમિતહાલે,
નિત્ય અનાગત કાળે;

કેવળીગમ્ય એ વસ્તુ વિચારો, એમાં નથી બુદ્ધિ યુક્તિ પ્રચારો,
સદ્દહે ભવ નિસ્તારો;

અનેકાંત સ્યાદ્વાદ રહસ્ય જો જાણ્યું, દેવ ગુરૂ ધર્મ તત્વ પ્રીછાન્યું
સિદ્ધિ સુખ ઘર આણ્યું-૩

માગશર શુદી એકાદશી ભાળી, જન્મ તિથિ અનુપમ રઢીયાળી,
આરાધે સુજ્ઞ પુન્યશાલી;

ધરણી વૈરોટયા સગરૂં ગાંધારી, દેવી અર મલ્લી નમી સારી
વિઘ્ન સંકટ અપહારી;

ધર્મી સંસ્કારી ગુરૂજન સેવા, નિત્ય મતિ રતિ શ્રુત રસ
લેવા, પરમાનંદ સુખ મેવા;

આત્મ રત્ન સિદ્ધિ અંતરયામી; ચીદાનંદ મહોદય પામી,
વદું સુ વિધિ શીરનામી ૪

પર્યૂષણની સ્તુતિ.

(વસંત તીલકા છંદ)

પર્વો વિષે પ્રસિદ્ધ ઉત્તમ પર્વ જાણી,
આરાધવા શ્રી પર્યૂષણ પ્રીત આણી;
શાસ્ત્રોકત વિધિ વરતી અહો ભવ્ય પ્રાણી,
દુષ્પ્રાપ્ય દુષ્કરઅતિ કર મોક્ષ રાણી. ૧

(માલિની)

અભય સકલ જંતુ, દાન ઉલ્લાસ આપો,
અમર પડહ વજાવી, કાર્ય હીંસા ઉથાપો
સરસ શિયળ પાળી, જીન પૂજા રચાવો
સ્થિર કરી ચિન્ત વૃત્તિ, વીરનું ધ્યાન ધ્યાવો. ૨

(શાર્દૂલવિક્રીડિત)

આદ્યે દિવસ ઉપવાસ કરીને, પાપો સ્વઆતીમને
શુણો સાવધ કલ્પ સૂત્ર મહીમા.ભાવે ગુરૂ જે ભણે
જન્મ શ્રી પ્રભુ વીરનો પરમઆનંદે કરીને ખમો
જીવો સાથ વિરોધ સાંવતસરી આલોચનામાં રમો. ૩

(સ્રગ્ધરા)

સર્વે ચૈત્યો જુહારી સકળ મુનિ ગણો વંદનાવશ્ય ધારો
ઉત્કૃષ્ટા પર્વ વિષે અઠમ તપ કરો નાગકેતુ પ્રકારો
શકતી ભકતી પ્રકાશો ગુણીજન સહુનો સાંમી વાત્સલ્ય કીજે
શ્રી દેવી રત્નના જે ચરણ શિશુ તણા સર્વ વાંછીત દીજે

કલ્યાણ કંદં સ્તુતિ અનુવાદ

(વસંત તિલકા)

શ્રીનાભિનંદનવિભો પઠમ જીણંદં,
વંદે મુદા વિમલ તીર્થ પતિં મુણીંદં,
શાંની તથા પ્રવર નેમિ ગુણોક ઠાણું.
શ્રી પાર્શ્વ શાસન પતિં વીર વર્ધમાનં. ૧

પ્રાપ્તા વિજય અરિ કર્મ સમુદ્ર પાર.
સંસાર દુઃખ હિન મોક્ષ સુઈક સારં
દીંતુ સવી જીનવરા સુરવીંદ વંદા
કલ્યાણુકારી સુખવેલી વીશાળ કંદા. ૨

નિર્વાણ માર્ગ વરવા વર જાન કપ્પં
સંવિજ્ઞમાન્યવિહસિત કુવાઇ દપ્પં
સ્યાદ્વાદ જે જીનમતં શરણં બુહાણં,
તે શ્રેષ્ઠ આગમ નમું ત્તિજગપ્પહાણં. ૩

ગોખીર ચંદ્રસદૃશી ચ તુસારવણ્ણા;
હસ્તે ધરી કમલને કમળે નિસન્ના
વાગીશ્વરી અખિલ પુસ્તક વગ્ગ હથ્થા
તે દેવી ભવ્યજનને સુખદો પસથ્થા.

"श्रीसीमन्धरजिन–स्तुतिः।"

महीमंडणं पुन्नसोवन्नदेह,
जणाणन्दणं केवलनाणगेहं।
महाणदलच्छीबहुबद्धराय,
सुसेवामि सीमधरं तिन्थराय ॥१॥

पुगतारगा जे य जीवाण जाया,
भविस्संति जे सव्व भव्वाण ताया ।
तहा सपयं जे जिणा वद्धमाणा,
सुहं दिन्तु ते मे तिलोयप्पहाणा ॥२॥

दुरुत्तारससारकूवारपोयं,
कलकावलीप कपरकाललोयं ।
मणोवंच्छियत्थे सुमन्दारकप्प,
जिणिंदागमं वंदिमो समहप्पं ॥३॥

विकोसे जिणिंदाणणभोजलीणा,
कलारूपलावण्णसोहग्गपीणा ।
वह तस्स चित्तम्मि निच्च पि झाणं,
सुरी भारही देउ मे सुद्धनाणं ॥४॥

" पञ्चकल्याणक–स्तुतिः "

——:(*):——

नाभेयं संभवतं अजिय सुविहियं नंदणं सुव्वयं वा,
सुप्पासं पउमनाहं सुमइ ससिपहं सीयलं वासुपुज्जं।
सेयंसं धम्म संति विमल अरजिण मल्लि कुंथुं अणंत,
नेमिं पासं च वीरं नमि च विनमिमो पंच कल्लाणएसुं ॥१॥

गब्भाहाणे सुजम्मे वयगहणखणे केवलालोककाले,
पच्छा निव्वाणठाणे पगमणसमये संथुया भावसारं।
देवेहिं दाणवेहिं भवणवण–समं किन्नरेहिं नरेहिं,
ते मुज्झ दिंतु मुरकं सयलजिणवरा पंचकल्लाणएसुं ॥२॥

हेउं तित्थंकराणं जमिह अणुवमं भावतित्थंकरत्ते,
सव्वन्नूणं च पासा अहमवि नियमा जायए सव्वकाल,
अन्नुन्नुप्पत्तिहेउं नयगमगहणं बीयअंकूररूव,
अव्वाबाहं जिणाणं जयउ पवयणं पंचकल्लाणएसु ॥३॥

गोरी गंधारि कालि नरवरमहिसी हंस सग्गोरहत्था,
सव्वत्था मानवी वा वरकमलकरा रोहिणी संतियवा।
पन्नत्तिच्छुत्ति पउमा धणुसरसया खित्त गेहाइवासा,
संति संघे कुणन्तु गहगणसहिया पंचकल्लाणएसु ॥४॥

———

॥ सिद्धिःस्याद्वादात् ॥

પંચ પરમેષ્ઠી નમસ્કાર

શાળામાં ભણતા બાળ બાળા માટે

૧ દુહા.

નમો શ્રી અરિહંતને, બાર ગુણે ગુણવંત;
નમો સિદ્ધ અમૂર્તને, આઠ ગુણી ભગવંત. ૧

નમો આચાર્ય ગુરૂ પ્રતિ, છત્રીશ ગુણના ધામ.
નમો ઉપાધ્યાય વાચક, પચવીસગુણ અભિરામ. ૨

નમો સર્વ સાધુ ભણી, ગુણ સત્તાવીશ જાણ,
પંચ પરમેષ્ઠી ગુણ મળી, એકશો આઠ પ્રમાણ. ૩

નમસ્કાર એ પંચનો, સર્વ પાપ હણનાર
સર્વ મંગલ માંહી ભણ્યો, મંગલ પ્રથમ શ્રીકાર. ૪

---

૨ આચાર્યન. છત્રીસ ગુણ દર્શક

પંચેંદ્રીય વિકારને, રોકવા સુરિ સમર્થ.
નવવીધ બ્રહ્મચર્યની, ગુપ્તી ધરે દીલ અર્થ. ૧

ચાર પ્રકાર કષાયથી, રહે સર્વદા મુક્ત,
એ અઢાર ગુણે કરી, હોય ગુરૂ સંયુકત. २

પંચ મહાવ્રત પાળતાં, વળી પંચ વીધ આચાર
પંચ સમિતિ ત્રણ ગુપ્તીને ધારે હ્રદય મોઝાર ३

એ છત્રીશ ગુણે કરી વિરાજીત ગુરૂ જેહ,
તે ગુરૂજી છે માહરે, તેમાં નહી સંદેહ. ४

---

३ ચોવીશ જીન ચૈત્ય વંદન

લોક ઉદ્યોત કરનારને, ધર્મ તીર્થંકર જાણો;
અરિહંત કેવલીને સ્તવું, જીન ચઉવીશ વખાણો.
ઋષભ અજિત સંભવ તથા, અભિનંદનજીન સુમતિ
વંદુ પદ્મ સુપાર્શ્વજીન, ચંદ્ર પ્રભચંદમુરતી.
પુષ્પ દંતજા સુવિધિનાથ, શિતલ શ્રેયાંસ વસુનંદ,
વિમલ અનંતને ધર્મનાથ, શાંતિ નમો કુલચંદ
કુંથુ અર મલ્લી વિભો, મુનિ સુવ્રત નમી જાણ,
અરીષ્ટનેમીને વંદીએ, પાર્શ્વ તથા વર્ધમાન,

કર્મરજમળ દુર કરી, જરામરણ કરી હીન,
ચોવીશ તીર્થંકર મયિ, સ્તવતાં થાઓ પ્રસંન,
સ્તવના વંદન પૂજના, લોક ઉ-તમ થયા સિદ્ધ,
બોધી લાભ આરોગ્યને, સમાધિ દોવર બુદ્ધ.

ચંદ્રથી અધીકા નિર્મળા, રવીથી અધીક તેજસ્વી,
સાગર સમગંભીરજે સીધ્ધા દો મુજ સિધ્ધિ.

સુદેવ સ્વરૂપ છંદ.

ભુજંગી છંદ

સહુ જગ્તના ભાવને જેહ જાણે,
મનો ભાવમાં શુદ્ધતા તેહ આણે,
નમું દેવ એવા દુઃખો વારનારા,
અરિહંત તે દેવ છે એક સારા. ૧

જુઓ રાગ ને દ્વેષ જેના ગયા છે,
વળી દોષના વર્ગ દૂરે થયા છે,
ખરા પૂર્ણ આનંદને આપનારા,
અરિહંત તે દેવ છે, એક સારા. ૨

ઘણા ગુણુ જાણી નમે રાય રાણા,
નમે ઇંદ્રને દાનવો સર્વ શાણા,
તરી આપ જે અન્ય ને તારનારા,
અરિહંત તે દેવ છે એક સારા. ૩

નહિ બોલવામાં જરાએ વિરોધ,
સુણી વાણીને પામીએ શુદ્ધબોધ;
ખરો મોક્ષનો માર્ગ દેખાડનારા,
અરિહંત તે દેવ છે એક સારા. ૪

---

૫. સુગુરૂ સ્વરૂપ છંદ

કદી કોઇએ પ્રાણીને જે ન મારે,
વળી વેણુ જુઠું કદી ના ઉચ્ચારે;
ન લે વસ્તુ આપ્યા વિના કોઇ કાળે,
ગુરૂ તેજ અજ્ઞાનને દુર ટાળે. ૧
ન રાગે કદી નારીને જેહ ભાળે.

સદા સર્વ વસ્તુ તણો મોહ ટાળે,
ધરે ધૈર્યને મહાવ્રતો જેહ પાળે,
ગુરૂ તેજ અજ્ઞાનને દુર ટાળે. ૨

લીએ માગીને વસ્ત્ર ને અન્ન પાણી,
ન બોલે કદી મુખથી દુષ્ટ વાણી;
ન કોઈ થકી વેર કે પ્રીતિ પાળે,
ગુરૂ તેજ અજ્ઞાનને દુર ટાળે. ૩

સદા જ્ઞાનને ધ્યાનમાં કાળ ગાળે,
ગુરૂ શુદ્ધ એવા નમું સર્વ કાળે;
જનોને સદા ધર્મનો બોધ આલે,
ગુરૂ તેજ અજ્ઞાન ને દુર ટાળે. ૪

---

૬ સુધર્મ સ્વરૂપ છંદ.

સુણો ધર્મનું રૂપ જે સુખકારી,
ધરે ધર્મ પડતાં મહા મોહવારી;
જુઓ દુર્ગતિમાં જતાં જેહ રાખે,
નમું ધર્મ તે જેહને જિન ભાખે. ૧

ધરે ધર્મનું ધ્યાન જે એક ચિ-તે,
યમાદિકને ધારવા નિત્ય પ્રીતે;
ધરે ધર્મ તે શોકને દુર નાખે,

નમું ધર્મ તે જેહને જિન ભાખે. ૨

કરે શ્રમ સુજ્ઞો સદા એહ ચિત્તે,
વળી લોક પાળે સદા તેહ પ્રીતે;
ખરો ધર્મ તે જેહ સર્વજ્ઞ ભાખે,
નમું ધર્મ તે જેહને જિન ભાખે. ૩

થજો શુદ્ધ ધર્મી કુકર્મો તજીને,
થશે હિત એથી પ્રભુને ભજીને;
બધા શોક સંતાપને દુર નાખે;
નમું ધર્મ તે જેહને જિન ભાખે. ૪

સંવત ૧૯૪૨ના માગશર વદ ૧૦ને રોજ શ્રી આત્મારામજી મહારાજ ભરૂચ પધાર્યા તે વખતે કહેવામાં આવેલી

આદ્યાક્ષરી ગહુંલી તરીકે કહેવા યોગ્ય પદ.

રાગ. ખમાયમી જીલ્લો. અથવા સાંભળજો મુની સંજમ રાગે એ દેશી.

આજે મારે આંગણે સુરતરૂ ફળીઓ, દર્શન સ્વામીજી કેરા મળ્યોરે
તત્વના જાણુ છો આપ પુરા, કૃપા કરી દર્શાવોરે;
માર્ગ ધર્મનો યોગ્ય બતાવી, ભ્રમણા મનની નશાવોરે,
આજ. ૧

રાળ અગ્નિ સ્પર્શથી જેમ પીગળે, તેમ ભવીપણુના પીગળાવોરે,
મન કઠોર હોય વજ્ર જેવા, દેશનામૃત પીવડાવોરે, આજ. ૨

જીવ અસંખ્યના ઉપગારી ભાગ્ય ભ્રગુપુરી જનનોરે;
આજ ભાનુ ઉદય મેં માન્યો, હર્ષ ન જાય કહ્યો મનનોરે. આજ.૩

નિંદક જૈન મતના દૂર નાશે અતિશય જેહુના એહુવારે;
દર્શન કહો કોણુ ન તરષે, એવા મુનિના લેવારે. આજ. ૪

વિજય વિજય શબ્દ સુણ્યો જાએ, જ્યાંહી પોતે બીરાજેરે,
જય ધ્વજ ફરકાવી સ્થળ સર્વે, મીથ્યાત્વી મત ભાંજેરે. આજ. ૫

યશ જસ વિશ્વ વિષે વખણાયો, ગાવા ન શક્તિ પૂરી મારીરે,
જીભ ગુણુ વર્ણવી ક્યાંથી શકે કહો, જે શુદ્ધ ધર્મ આચારીરે,
આજ. ૬

ચુડામણિ રત્ન સમ છો પ્રભૂજી, આજ ભરતની માંહીરે,
નીરખી નાથ મન મહામોહે, વૈરાગ્ય વાસ છે જ્યાંહીરે. આજ ૭

લાખ ટકાનો દીન છે હુમારે, આગ્રાક્ષરીએ દર્શ દીધોરે,
લક્ષણવંત ગુરૂજી મીલ્યાંજી, મન વંછીત સવી સીધ્યાંરે. આજ ૮

પાલિતાણે આત્મારામજી મહારાજને વિનતિ પત્ર મોકલેલું તેમાં દાખલ કરેલી કવિતા

શિખરીણી છંદ

પ્રભુ શાન્તિ-દાતા વિલવિલીત બાલો દિલ ધરે
પધારી પુર્ સૂર્યે સકલ જન ત્રાતા પીડ હરી;
ક્ષીર સ્વાદચુ સિન્ધુ લવણ જળ ભાવે કિમ કરી,
અરે નાખ્યા શાને પય વિણ શું નીભે ગુણ વરી.

લલિત છંદ.

લળી લળી નમું નાથજી અરે, વચન હું વદું પ્રેમથી ખરે;
જગ ધણી તમે દક્ષ ઉપમા, કરૂણ નાથજી રે દયા રમા.
ગુણ કહી શકે ચંદ્રકાન્ત કો. ગુણ નિધિ અરે બુદ્ધિધારકો.
મગરમત્સ્યના જોરથી પુરો, જળનિધિ તરી કો શકે શુરો.
ત્યજી શિશુ ગયા કોણ આશરે, તુમ વિના રહે કોણ પાસરે;
દરશ આપીને વારશો તૃષા મથન શાન્તવા જે સતિ મૃષા.
પ્રીત ચકોરની ચંદ્ર શું રહી, મયુરની અરે મેહુલે વહી,
ક્ષીણ શશી સ્થિતિ દીન પદરે, બદલી વૃદ્ધિ તો સત્ય આદરે;
ઘન વળી ઘણી ગુરૂતા ગ્રહી, વરસ અંતરે દર્શ દે સહી,
પણ સુરીખની, મેહચંદ્ર તે ગતી ગણી તૃષા શાંતતો કરે.

એમ મનુષ્યની નિશ્ચએ કરી, પ્રગટી જે ક્ષુધઃ શાંતશો હરી.
ચુક કદી પડી ચિત્તના ધરો, સુરત સજ્જનો હર્ષથી ભરો,
ફરી પૂરી વદે સેવકો ગુણી, નકી પધારજો સૂર્ય હે મુનિ.

સંસાર અસારતા.

(સઝાય)

(ધાર તરવારની સોહિલી દોહિલી ચઉદમા જીનતણી ચરણ સેવા–એ દેશી)

બુઝ બુઝ બુઝ વિબુધનું આતમા, સાર સંસારમાં કયાંહી દેખે;
છિણુ વિનાશી પદારથ વળી અથીરજે, તેહ અવિનાશી થીર
કરી તું લેખે બુઝ-૧.

દ્રવ્ય પામી મદ ધરી મન ચિંતવે, ધનબળે વિઘ્ન દુઃખ જેર કરશું,
ભોગને સાર જગ દ્રવ્ય આધીન રહ્યા, તે લહી સુખે સંસાર
ઠરશું બુઝ—૨

વિમુઢ વિચાર વિવેક બુદ્ધિ ધરી, ચલીત ભાવે ગયું દ્રવ્ય વહીને,
મનતણાં ઓરીયાં તો સવી મન રહ્યા, ભાઇ બેઠા વિમાસણુ
સહીને બુઝ–૩

પૂર્વના પુણ્ય ઉદયે કદી પામીઓ, પુત્ર પરીવાર પ્રિયજોગ ખાસો;

દેહ નિરોગી રહીતો મન ફુલતો, સંસાર કાર્યે નવિ ખાય
સાંસો બુઝ-૪

તે સમે અધીરતા તું કેમ વીસર્યો, બની રહ્યા ભાવ પલટાય પલકે
વ્યાધી આવે સવિ સ્નેહી નિરૂપાય છે, અંત સમયે ભાગ્યું
જાય ખલકે બુઝ -૫

પ્રીય સંયોગમાં તું ઘણો રાચીયો, માચીયો મગ્ન બની હર્ષ ઘેલો;
વિવિધ વિલાસને વૈભવે નાચીઓ, શોચી વિયોગે ઝુરે
જાત પહેલો બુઝ-૬

આધિ-વ્યાધીતણી વેદના એ સમે, જે તન અનુભવે તેહી જાણે;
સુખ સ્વપ્નું ધરી દુઃખ દરીયે મુકે, તેહવા ઇષ્ટમાં શુ
સાર માને બુઝ-૭

વિચાર તું સંયોગ મુળ વિયોગનું, તે છતા સંયોગે સુખ માન્યુ,
મૂઢતા ધાર્ય તેં કેહેવી કેળવી, દુઃખના મુળમાં સુખ
જાણ્યું બુઝ-૮

જ્ઞાન દ્રષ્ટિ મુકી હોત જો મૂળથી, રાચવું શોચવું દૂર રહેતે,
વસ્તુ વિનાશન ધર્મ હૃદયે ધરી, વૃત્તિ માધ્યસ્થ સંતોષ
હેતે બુઝ-૯

પ્રેમ જે વસ્તુ પર તું સહી ધરી રહ્યા,ચીંતવી સાર જગ એજ માહરે,
તેજ વસ્તુ તવ પ્રેમ તરછોડીને, છાંડે તુંજ સ્થિતિ ગતિન:
વિચારે બુઝ-૧૦

ઠાઠ દુનિયા મંહી જે સવી બની રહ્યા, તત્ત્વતઃ સ્વાર્થ આધીન ભાસે,
અંધ બની એહવા નાટયમાં મચી રહ્યો, માર્ગ પરમાર્થ
નવી થાય પાસે બુઝ-૧૧

શબ્દ સંસારનો અર્થ જો ચીંતવે, ચૈંગતિ ભ્રમણતા તે પ્રમાણું;
સેવી રહ્યા કાળ આનાદિ થકી તે છતાં, તું ન ધરાયો એ
આશ્ચર્ય જાણું બુઝ-૧૨

સ્વરૂપ સંસાર પ્રત્યક્ષ જો સમજીયો, મનથી તલ્લીનતા દૂર કીજે;
ઢીલ શા કારણે તું હવે પણ ખમે, વૃત્તિ ઉદાસીન નિત
ચિન્ત ધરીજે બુઝ-૧૩

કાળ વહ્યો જાય નીત્ય નદી જલની પરે, કાલ કાલ મૂર્ખ
શુ મુખ ભાસે;
એહવામાં કદી કાળ આધીન થયો; ધાર્ય તવ ચીન્ત
શા હાલ થશે બૂઝ-૧૪

એહવું જાણી નીસાર જગ સજ્જ થા, શુદ્ધ વૈરાગ્ય આદર ધરેવા;
અતરંગ ધર્મ મૂળ જો દયા મન રમી, જ્ઞાનધ્યાને લીએ
મોક્ષ મેવા બુઝ-૧૫

રત્ન તુલ્ય આત્મ હરીરાણુ અભાવે કરી,ભાવને સિદ્ધી સન્મુખરાખી
જસ પ્રભાવે પર ભાવ ભમવું ત્યજી રમી સ્વભાવે થા શીવસુખ સાખી

અથ કર્મ વિપાક સઝાય.

આદ્યાક્ષરી

મકરીશ માયો લગાર (એ દેશી)

કર્મ વિપાક અતિ આકરાજી, વેદ્યાઅનંતિરેવાર
મનવચ કાય દંડે કરીજી, રોળ્યો એણે સંસાર
રે જીવડા બંધ સમય ચીત્ત ચેત.
ઉદયે કરવો શો ખેદ રે જીવડા બંધ. ૧

લાખેણી પળ જાણજેજી, જેહમાં નીર્જરે કર્મ,

---

* ઉપલી સઝાય કર્તાના પ્રથમ ધર્મપત્ની દયા કુંવર પંચત્વ પામ્યા ત્યારે વિરહ વૈરાગ્ય વિચાર દર્શક બનાવવમાં આવી છે. એજ અરસામાં કર્તાના પ્રથમ ધર્મોપદેશક ગુરૂવર્ય પૂજ્ય શ્રી રત્ન સાગરજી તથા બીજા ઉપકારક અદ્વિતીય વિદ્વદ્રત્ન શ્રી આત્મ રામજી (શ્રીમદ વિજય આનંદ સુરીશ્વરજી) ના સ્વર્ગ ગમન થયા છે. તે સંબંધે ખેદ સુચન કર્યું છે.

દીવ્યઋમનુષ્ય દેહ ધારીનેજી, પામવો ધર્મ એ મર્મરે
જીવડા. ૨

પગપગ બંધ લાગી રહ્યોજી, ચુકયો જો જતના વિચાર,
ચંચળ ઇન્દ્રી વિષયો વિષેજી, ખુંટયો જો તું ગમારરે.
જીવડા. ૩

દમન સબળ કષાયનુંજી, હીંસા મૈથુન્ય ત્યાગ
પૂર્ણ અશુભ બંધ ઓળખીજી, કર્મ વિવરનો લાગરે.
જીવડા. ૪

કેવળ કર્મ બંધ સ્થાનનેજી, વણી વણી કાઢોરે દુર
સર્વ દ્વાર આશ્રવ તણાજી, પાપ સ્થાનક બંધ ભૂરરે.
જીવડા. ૫

રીઝો નહી સ્નેહ બન્ધ માજી, ખીજો વીરોધી ન રેખ.
ચંડ વિપાક એ બંધનાજી. વિપાક સૂત્રે દેખરે.
જીવડા. ૬

દયાર્દ્ર હૃદયી કમકમેજી, બંધ કારણ દુઃખખાણ.
ચુકે ન સુજ્ઞ સમ્યક્ મતીજી, છાંડવા નીત્ય સાવધાનરે
જીવડા. ૭

છદ્મસ્થ હોય એક રંગથીજી, અસ્થિ મીંજે જીણુઆણુ.
સુભવીકા સુખશાશ્વતાજી, કરતલ રત્ન આ વાણુરે.
જીવડા બંધ સમય ચીત્ત ચેત. ૮

વિપત્તી સમયે ધૈર્યતા સઝાય.

આદ્યાક્ષરી

(દેશી) સાંભળજોરે તું મે અદભુત વાતો વયકુંવર મુનીવરની.
સમતા ગુણ ચેતન તું વરજે, વરજી જગ જંજાળ; (ટેક)

દાનેશ્વરી કર્યા કર્મે ભીખારી, ભીખારી રાજ્યપદ ધારી;
શી ચીંતા રીદ્ધી તણી રાખો, બુદ્ધીવાન વિચારીરે. સ. ૧

વખતરૂપી ચક્ર છે ભમતું, રમતું સુખ દુઃખ લાવે;
મન સંતોષ સદા નીજ સ્થીતે, ઓને વીરલા કહાવેરે. સ. ૨

નીતી સેવી પ્રીતવિત રાગે, જાગે અતિદીલ ખંતે;
ના ભીતી તસ મનને વીષે, સુખ શાશ્વત લે અંતરે. સ. ૩

રામે રાજ્યને રીદ્ધી છોડી, વેદના વેઠી વનવાસે;
યશ જસ વિશ્વ વીષે વખણાયો, ધૈર્ય ગુણ પ્રકાશેરે. સ. ૪

નમ્રતા ગુણ ક્ષમા સુખદાઇ, વિપત્તીએ બહુ ઉપયોગી;
ચુંબન શીવ વધુ કેરૂં લેવે, સેવે સમતા રસ ભોગીરે. સ. ૫

છવિ રવિ કવિની ન અજાણી, સમતા શોભા પણ તેમ;
સત્રી ઉત્તમજન અનુભત્રી તે યશ, રત્ન અચલ મુજ પ્રેમરે
સમતા ગુણ ચેતન તું વરજે વરજી જગ જંજાળ.

શ્રી પાર્શ્વ પ્રભુનું સ્તવન.

આદ્યાક્ષરી

રાગ ભેરવી

ચંદન ચરચોત પાસ પ્રભુકો પાસ સદા સુખદાઈ
દુર્લભ જીન પ્રતીમાકો દર્શન, સ્પર્શન ભવ અંત પાઈ.
પ્રભુકો પાસ સદા સુખદાઈ.–૧

લાખેણી ઘડી માને વીબુધા, ધ્યાન ઘટામે ગાળી,
લગની લાગી જીન ગુણ રાશે, અનુભવ જ્ઞાન રસાયી. પાસ.

ચીદાનંદ સુખકંદ સ્મરણ રસે, આપદ ગઇ તન મનકી
મમતા ત્યાગે સમતા જાગે, ભેટી ભયી જીન ચરણકી પાસ

નર સુર ઈન્દ્ર સબ ચહાવત હુયે, પાસ કો દાસ બડાઇ
લાજે નહી પદ રજ શીર ધરતાં, એચસી દીલ ભક્તિ છવાઈ પાસ.

લઘુતા નીજ રીદ્ધી બળ માને, પ્રેખી પ્રભુ ઠકુરાઈ
ચુનકે ઈહજગ છત વસ્તુરો, સમ્યકત્વ રત્ન કરપાઈ પાસ.

શ્રી પુંડરીક સ્વામીનું ચૈત્યવંદન

આદીશ્વર જીનરાયનો, ગણધર ગુણવંત
પ્રગટ નામ પુંડરીક જાસ, મહી માંહે મહુંત.
પંચ કોડી સાથે મુનીંદ, અણુ સણતીંહા કીધ
શુકલ ધ્યાન ધ્યાતા અમુલ, કેવળ તીંહાલીધ
ચૈત્રી પુનમને દીને એ, પામ્યા પદ મહાનંદ
તે દીનથી પુંડરીકગિરિ, નામ દાન સુખકંદ.

શ્રી નવપદજીનું સ્તવન

સઝાય તરીકે પણ કહેવાય

જોગીંદ્રપાળું શીવજી તમારૂં મેં જાણ્યું એ ગરબી તરીકે

આદ્યાક્ષરી

કાના બાત સુણોની હમારી. એ રાહ

(ભવી) ઉલટ ધરીને આરાધો, તુંમે નવ પદજીકે સાધોરે. ભવી
ઉલટ ટેક,

તત્ત્વ રમણતા તે નર પાવે, જે શુદ્ધે મને ધ્યાવેરે. ભવી ઉલટ ૧
મન્ત્ર જગતમાં શ્રેષ્ઠ એ જાણો, વિઘ્ન વિદારી વખાણોરે. ભવી ઉલટ ૨
ચંચરી સદા મધુ ગુણની રાગી, સીદ્ધ ચક્રે લેહ લાગીરે. ભવી ઉલટ ૩.
દર્શ દારિદ્ર દૂર હઠાવે, રોગ શોક ભય ના આવેરે. ભવી ઉલટ ૪
પાપ સંચય ભવ ભવના મીટાવે, જો ધ્યાને દૃઢ થાવેરે ભવી ઉલટ ૫
નામ નીત્ય નવ નીધ નીપજાવે, જપતા પાતીક ક્ષય જાવેરે.ભવીઉલટ
ચંદ્ર મહીર સમ નવ પદ કેરો, જસ વીણ જગઅંધેરોરે. ભવી ઉલટ
દર્શન મહીમા મહા મનોહારી મહીમાં મહત્વ અપારીરે. ભવી ઉલટ
આત્મ યથા વિધિ નવ પદ સેવે, પરમાત્મ પદ લેવેરે. ભવી ઉલટ
રાગ આરાધક રત્ને રંગાયો, ફળ પ્રત્યક્ષ તસ પાયોરે ભવીઉલટ ૧૦

શ્રી નવપદજીનું સ્તવન.

સિદ્ધ ચક્રવર સેવા કીજે, નરભવ લાહો લીજેજી
વિધિપૂર્વક આરાધન કરતાં, ભવ ભવ પાતક છીજે,
ભવીજન ભજીએજીરે. અવર અનાદિની ચાલ.
નિત્ય નિત્ય તજીએ જીરે (આંકણી)

દેવના દેવ દયા કર ઠાકર, ચાકર સુરનર ઇંદાજી;
ત્રિગડે ત્રિભુવનનાયક બેઠા, પ્રણુમો શ્રીજિનચંદા. ભવી. ૨

અજ અવિનાશી અકળ અજરામર કેવળ દર્શન નાણીજી;
અવ્યાબાધ અનંતુ વીરજ, સિદ્ધ પ્રણુમો ગુણખાણી ભવી. ૩

વિદ્યા સૌભાગ્ય લક્ષ્મી પીઠ, મંત્ર રાજ યોગ પીઠજી;
સુમેરૂ પીઠ એ પંચ પ્રસ્થાને, નમો આચારજ ઇઠ્ઠ ભવી. ૪

અંગઉપાંગ નંદી અનુયોગા, છ છેદ ને મૂળ ચારજી,
દશપયન્ના એમ પણુયાલીશ, પાઠક તેહનાધાર. ભવી. ૫

વેદ ત્રણને હાસ્યાદિક ષટ્, મિથ્યાત્વ ચાર કષાયજી;
ચૌદ અભ્યંતર નવ વિધ બાહ્યની, ગ્રંથી તજે મુનિરાય ભવી ૬

ઉપરામ ક્ષય ઉપસમને ક્ષાયક, દર્શન ત્રણ પ્રકારજી;
શ્રદ્ધાપરિણુતિ આતમ કેરી, નમીએ વારંવાર. ભવી. ૭

અઠ્ઠાવીશ ચૌદને ષટ્ દુગ એક, મત્યાદિકના જાણજી;
એમ એકાવન ભેદે પ્રણુમો, સાતમે પદ વરનાણ. ભવી. ૮

નિવૃત્તિ ને પ્રવૃત્તિ ભેદે, ચારિત્ર છે વ્યવહારેજી.
નિજ ગુણ સ્થિરતા ચરણુતે પ્રણુમો, નિશ્ચય શુદ્ધ પ્રકારે ભવી ૯

બાહ્ય અભ્યંતર તપ તે સંવર, સમતા નિર્જરા હેતુજી;
તે તપ નમીએ ભાવ ધરીને, ભવસાગરમાં સેતુ ભવી. ૧૦

એ નવ પદમાં પાંચ છે ધર્મી, ધર્મ તે વરતે ચારજી;
દેવ ગુરૂને ધર્મ તે એહમાં; દો તીન ચાર પ્રકાર-ભવી ૧૧

મારગ દર્શક અવિનાશીપણું, આચાર વિનય સંકેતજી;
સહાયપણું ધરતા સાધુજી, પ્રણમો એહીજ હેતે.-ભવી. ૧૨

વિમળેશ્વર સાંનિધ્ય કરે તેહની. ઉત્તમ જે આરાધેજી;
પદ્મવિજય કહે તે ભવી પ્રાણી, નિજ આતમ હિત સાધે
ભવીજન ભજીએજીરે. ૧૩

શ્રીવીરવિજયજી ઉપાધ્યાય ગુણાનુવાદ

ગહુંલી તરીકે કહેવા યોગ્ય

(માલન ગુંથી લાવ ગુણીયલ ગજરો એ દેશી)

જગદ્‌ગુરૂ વીરજી જયકારી, જસ શાસન અખંડીત ધારી
જગદ્‌ગુરૂ (ટેક)

સુધર્મા પ્રથમ પટ ધારી, પછી જંબુસ્વામી બ્રહ્મચારી,
નિત્ય નમીએ શીયલ ગુણધારી.-જગદ્‌ગુરૂ. ૧.

એમ અનુક્રમે તોતેરમે પાટ, વિજયાનંદ સુરિ જગ વિખ્યાત;
તસ પટ્ટધર કમળ સુરિજાત-જગદ્‌ગુરૂ. ૨.

વીરવિજય ઉપાધ્યાય સ્થાન, કમળસુરીશ્વરના પ્રધાન,
સદા શાસન સેવે સાવધાન-જગદ્ગુરૂ. ૩.

ઉપાધ્યાયજી ગુણુ એક ખાસ, ગુરૂ ભક્તિમાં મન ઉલ્લાસ,
વસે સદૈવ સુરીશ્વર પાસ.-જગદ્ગુરૂ. ૪.

શિષ્ય વર્ગને નિત્ય જ્ઞાનધ્યાન, ઉત્તમ બોધ દે બુદ્ધિ નિધાન;
શાસ્ત્ર પારંગ બનાવ્યા "દાન"-જગદ્ગુરૂ. ૫.

દાનવિજય સુરિપદે આજે, ગુરૂ કીર્તિ વધારી વિરાજે,
જસ મહીમા દશે દિશ ગાજે.-જગદ્ગુરૂ. ૬.

પ્રેમ મંગલ આદિ પરીવાર, ગાય ગુરૂ મહીમા મનોહાર;
વિજય વિચરે જયકાર-જગદ્ગુરૂ. ૭.

એમ અનેક રત્ન વીર વંશે, જસ સંગીત સર્વ પ્રશંસે,
વાણી ઘોષણા પાખંડી ધ્વંસે.--જગદ્ગુરૂ. ૮.

આવા રૂડા સંતાને રાચે, શાસન પ્રેમી ગુણીજન સાચે,
રત્ન રાગી રાચે નવિ કાચે.-જગદ્ગુરુ. ૯.

ॐ श्रीपंचपरमेष्ठिभ्यो नमः ।

अथ श्री चारित्रगुणावलीनामा मोहनस्तुतिः

अनुष्टुप्.

प्रणम्य मोहजेतारं, नेतारं च गणाधिपं ।
चारित्रं गुणरत्नं च, वक्ष्यामि तद्गुणावलीं ॥१॥

મોહના જીતનાર (શ્રી મહાવીર સ્વામી)ને, નાયક (શ્રી ગૌતમ સ્વામી)ને, ગણાધિપ (શ્રી સુધર્મા સ્વામી)ને તથા ગુણોને વિષે રત્નતુલ્ય શ્રી ચારિત્રપદને નમસ્કાર કરીને હું તેની ગુણાવલી કહું છું. [શ્રી મોહનમુનિ આશ્રિને.] ૧.

उपजाति.

भक्त्या जनैः सेवितपादपद्म, ज्ञानादिरत्नत्रयदिव्यसद्म ।
कृपानिधे रक्ष तु भव्यलोकान् क्लेशादिवेन्दुर्गतमोहमोहात् ॥२॥

હે કૃપાનિધે, ભકિતએ કરી સર્વે જનોએ પાદકમલ સેવ્યા છે જેના, ને જ્ઞાન છે પ્રધાન જેને વિષે એવું રત્નત્રય (જ્ઞાન, દર્શન, ચારિત્ર)નું તો જે મનોહર ભુવન છે એવો જે તું ગતમોહ (ગાયો છે મોહ તે જેનો) ચંદ્ર જેમ કલેશ (આખા દીવસના પરિશ્રમ) થકી રક્ષણ કરે છે તેમ ભવ્ય લોકોનુ મોહથકી રક્ષણ કર. ૨.

वसंततिलका.

दृष्ट्वा विभो सुचरित तव सौम्यमूर्ति ।
पीत्वा पयः सुखद तन्मुखनिर्गतं च ॥
ज्ञात्वा गुणान्सुवरदान्निखिलो नृवर्गः ।
प्रल्हादपूरितमना गुरुमोहनेन्दो ॥३॥

હે વિભો તારૂં સુંદર ચરિત. તથા સૌમ્ય શાંતરસમયી) મૂર્તિને જોઇને વળી હે (સુખને આપવાવાળા) તે મૂર્તિના મુખથકી નીકળતા અમૃતનું પાન કરીને અને સારા યોગ્ય ઇચ્છિતને આપવાવાળા ગુણોને જાણીને અખિલ જનસમૂહ હે મુનિરૂપી કુમુદોને મોહ પમાડવાને ચંદ્રસમાન (મુનિ

મોહનચંદ્ર) આનંદે કરી પુરિત મનવાળો થયો અર્થાત્ આનંદમય ચિત્તવાળો થઈ રહ્યો. ૩.

द्रुतविलंबित

रिषदां विपदां प्रविनाशय,-न्विहरसीव रविश्च तमोहरः ।
वेबुध बोधय सज्जनपंकजा,-न्विपथिकानपि दर्शय सत्पथान्॥४॥

પારષદા (આસપાસ બેઠેલા શ્રોતાજનો)ની વિપત્તિઓને નાશ કરતો સતો હે વિબુધ (વિશેષ પ્રકારે બોધ પામ્યો છે છે જે) તું સજ્જનરૂપી પંકજને જગાડતો અર્થાત્ પ્રમાદરૂપી કાદવમાં નિમગ્ન રહેલ જનોને ધર્મકાર્યમાં પ્રવર્તવા બોધ આપતો અને વિપથિકો (યથાર્થ માર્ગ છોડી કુરસ્તે પડેલ જનો)ને સારા માર્ગ બતાવતો છતો તમોહર (અંધકારને હણવાવાળા) સૂર્યની જેમ તું (અજ્ઞાનને નાશ કરતો) વિચરે છે. ૪.

गति जतुदशां तु विलोकय,-न्सहृदयो जलदो हृदयंगम ।
ुगिरयेव हि सिंचसि वारिणा, कुसुमितांश्च करोषि जनद्रुमान्॥५॥

જગતના જંતુઓની દશાને જોઈને સહૃદય (પાણીએ

કરી ભરેલો) મેઘ જેમ પાણીવની વૃક્ષોને સિંચીને પુષ્પવાળા કરે છે, તેમ હે હૃદયંગમ (ચિત્તવલ્લભ) સહૃદય (સુષ્ઠુ હૃદય છે જેનું અર્થાત્ દયાળુ) એવો તું જનોરૂપી વૃક્ષોને વાણીરૂપી પાણીએ કરી સિંચીને પુષ્પવાળા કરે છે, અર્થાત્ વૃક્ષ સરખા જડ ચિત્તવાળા પુરૂષોને તું તારી દેશનાથી ધર્મજ્ઞાને કરી સહિત કરે છે. ૫.

वसंततिलका.

श्रुत्वा जिनेन्द्रकथितं ग्रथितं गणेन ।
सूत्रं वरं भगवतीं भवतो मुखाच्च ॥
भावान्विचिंत्य सरसान्प्रकटान्यथार्थान् ।
जाता रसज्ञपुरुषा रसपूर्णचित्ताः ॥ ६ ॥

તમારા મુખ થકી જિનેંદ્ર ભગવાને કહેલું અને ગણધર મહારાજે ગુંથેલુ એવું જે ઉત્તમ **ભગવતી સૂત્ર** તેને સાંભળી, તથા તેમાં પ્રદર્શિત કરેલા રસે (રહસ્યે) કરીને સહિત પ્રકટ અને યથાર્થ ભાવો તેને ચીંતવીને રસજ્ઞ (રહસ્યને સમજનાર) પુરૂષો રસે કરીને પૂર્ણચિત્તવાળા થયા. ૬

मालिनी.

नियमविधियतात्मा, संयमी मोहजेता ।
प्रशमितविषयस्त्वं, धर्मिणां धुर्यर्यः ॥
स्वपरहितविधाता, सर्वकार्येषु दक्षः ।
भविकजनविषादा,-त्सादने तत्परोऽसि ॥७॥

નિયમ અને વિધિએ કરીને આત્મા વશ રાખ્યો છે જેણે, સંયમ ગ્રહણ કરી મોહ રાજાને જીત્યો છે જેણે, અને તેથી કરી ઈંદ્રિઓના વિષયો પ્રશમિત થયા છે (શાંત થયા છે) જેના, અને જે ધર્મી પુરૂષોને વિષે અગ્રેસરીમાં પણ ઉત્તમ છે અને જે પોતીકું તેમજ પરનુ પણ હિત કરે છે, જે સર્વ કાર્યોને વિષે દીર્ઘ દૃષ્ટિ મુકવાવાળો (ચતુર છે) એવો જે તું તે ભવિક જનતા દુઃખો નિર્મૂળ કરવાને તત્પર છે. ૭.

शिखरिणी

शरीरे निष्कामो जिनकथितधर्मे रतिकरः ।
सदा साध्वाचारान्श्रयसि दुरितानि क्षपयसि ॥

परित्यज्यद्वेषान्प्रभजसि च रागोपशमतां ।
विरक्तः संसारे द्रविणविमुखः सन्विचरसि ॥८॥

તું શરીરને વિષે મમતારહિત છે, જિનરાજપ્રણીત ધર્મેજ પ્રીતિ કરવાવાળો છે. સદા સાધુ (રૂડા) આચારનોજ આશ્રય કરે છે ને તેથી કરી પાપને ખપાવે છે. દ્વેષનો ત્યાગ કરી રાગની ઉપશમતાને પ્રકર્ષપણે ભજે છે અર્થાત્ રાગ દશા પ્રગટ થતાંજ તેને શમાવી દે છે. પરિગ્રહ પરાઙ્મુખ છતો સંસારને વિષે વિરક્તપણે વિચરે છે. ૮.

मन्द्राक्रान्ता.

नारीतोये रतिविषयतृष्णोर्मिमालेऽप्यगाधे ।
जानामि त्वं द्रविणपवनोद्धूतसंमोहमत्स्ये ॥
संसाराब्धे महति जलधौ मज्जतां मानवानां ।
सम्यग्दृष्टि श्रुतसुवचनैर्ज्ञातमार्गोऽसि नौका ॥९॥

જે સમુદ્રને વિષે નારી રૂપી પાણી છે, રતિ વિષયની તૃષ્ણારૂપી મોજાની માલા ચાલી રહી છે, ધનરૂપી પવને કરીને સંમોહ રૂપી મત્સ્ય ઉછલી રહ્યા છે તે સંસાર નામના

મોટા અગાધ જલધિને વિષે બુડતા એવા માનવોનું સમ્યગ્ દૃષ્ટિ (રૂડે માર્ગેજ જવાની દૃષ્ટિ છે જેની, મુનિ પક્ષે સમકિતી.) અને શ્રુતના સારા વચને, (નૌકાશાસ્ત્ર મુનિ પક્ષે ધર્મશાસ્ત્રના પ્રમાણ વચને) કરી યોગ્ય માર્ગ જાણ્યા છે જેણે એવાં વહાણ તરીકે હું તને જાણું છું. અર્થાત્ સંસાર સમુદ્રને વિષે બુડતાં પુરૂષોને તારવાને તું એક નાવ છે. ૯.

शार्दूलविक्रीडित

दृष्ट्वा त्वां हिमनोहरं गुरुवरं संसारदुःखापहम् ।
नात्रं सौख्यद यस्य चेतसि रतिर्जाता न कर्मोदयात् ॥
मन्ये रत्ननिधिं विहाय सततं काचे मतिः प्रेरिता
वन्दे मोहनरत्नपादयुगलं नित्यं भवेन्मंगलम् ॥ १० ॥

સંસાર દુઃખને હણવાવાળા મનોહર નાવ રૂપ ગુરૂજીને વિષે પ્રધાન એવા તમારા સરખાને જોઈને, હે સુખના આપવા-વાળા. જે પુરૂષના ચિત્તને વિષે કોઈક માઠા કર્મના ઉદય

થકી પ્રીતિ ન જાગી, તે પુરૂષ રત્નનો કરંડીઓ છાંડી કાચના કટકા વિષે મતિવાળો થયો છે એમ હું માનું છું. માટે મોહનરત્ન(રત્ન સદૃશ **મોહનલાલજી** મહારાજ અથવા મોહને પમાડે એવા **શ્રી રત્નસાગરજી**ના પાદયુગલને હું નમસ્કાર કરૂં છું કે જેથી હંમેશાં મંગલ થાય. ૧૦.

स्रग्धरा.

संतप्ता नां वरेण्यं शरणमपिसदा पापतापापहर्ता ।
सद्भव्यैः कीर्त्यमानः शिशुमुनिविहगैराश्रितो धर्मवृक्षः ॥
श्रीमान्मां मोहचन्द्र प्रवितर सततं वाञ्छितार्थं प्रकामम् ।
स्तोतारं सूर्यपुर्यामभिनवसुरद्रैरात्मरनेऽनुरक्तम् ॥ ११ ॥

સંતપ્ત—(સંસાર દુઃખે કરી)—પુરૂષોના પાપ રૂપી તાપને હરવાવાળા ને તેથી કરી તેઓનું હંમેશનું ઉત્તમ શરણ (આશ્રય સ્થાન), બાળમુનિ (શિષ્યવર્ગ) રૂપી વિહગોએ આશ્રય લીધેલ, ભવ્યજનોને વિષ ધર્મવૃક્ષ તરીકે કીર્તિ પામ્યો છે જે એવો તું શ્રીમાન્ મોહચંદ્ર **મોહનલાલજી**

તે, સૂર્યપુરિને વિષે રમ્ય એવા [ઉપર કહ્યા તે] નવિન પદોએ કરી સ્તુતિ કરતો અને આત્મરત્નને વિષે જે સદા અનુરક્ત છે (આચાર્ય **શ્રીમાન્** આત્મારામજી તથા **શ્રી** રત્નસાગરજી ત્રિષે ધર્મ રાગે કરી ભક્તિવાળો છે એમ આ પદ સુચવે છે) એવો જે હું તેને સંપૂર્ણ વાંચ્છિતાર્થ નિરંતર આપો.

વિજ્ઞપ્તિ.

આ ચારિત્રપદની સ્તુતિ જે શ્રી મોહનલાલજી મહારાજને આશ્રીને રચવામાં આવી છે ને જે તેઓ સાહેબે સૂર્યપુરમાં ત્રણ ચોમાસાં કરી જૈન પ્રજાને ધર્મશાસ્ત્ર શ્રવણનો લાભ આપ્યો છે તેના સ્મરણાર્થે તેઓને અર્પણ કરવામાં આવી છે તેમાં જે કાંઇ દોષ માલુમ પડે તે સુજ્ઞ વાચક વૃંદ કર્તાનો સંસ્કૃતમાં રચના કરવાનો પહેલોજ પ્રયાસ લક્ષમાં લઈ દરગુજર કરશો.

સંવત ૧૯૫૧ના
પોશ વદી ૫ ભોમ.

ચુ. છ. સરાફ.

प्रीणाति यः सुचरितैः पितरं स पुत्रो, यद्भर्तुरेव हित-
मिच्छति तत् कलत्रं; तन्मित्रमापदि सुखे च समक्रियं
यदेतत्त्रयं जगति पुण्यकृतोलभन्ते ॥

॥ संपूर्ण ॥

કુઘામય
પ્રીન્ટીંગ
વર્કસ,
ખાંડ બજાર,
સુરત.